॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

॥ શિક્ષાપત્રી ॥



-: પ્રકાશક :-

શ્રી સ્વામિનારાયણ મહિલા સંસ્કાર કેન્દ્ર,
કેરીયારોડ, અમરેલી
ફોન નં. ૦૨૭૯૨-૨૨૫૧૯૯

-: પ્રેરક :-

પ.પૂ. સાંખ્યયોગી શ્રી લીલાબા

પ્રથમ આવૃત્તિ : ૫૦૦૦ સંવત ૨૦૬૦, જેઠ સુદ-૬
દ્વિતીય આવૃત્તિ : ૫૦૦૦ સંવત ૨૦૬૮, અષાઢ સુદ-૧૫
તૃતીય આવૃત્તિ : ૫૦૦૦ સંવત ૨૦૭૬, ફાગણ સુદ-૧૫

કિંમત :- ₹ ૨૨/-

: સૌજન્ય :
યુ.એસ.એ. નિવાસી
પ.ભ. હર્ષાબેન સંજીવભાઈ બાઢીવાળા
પ.ભ. શ્રી સંજીવભાઈ ભીખાભાઈ બાઢીવાળા
હ. પાર્થ તથા તીર્થના બાઢીવાળાના
જય શ્રી સ્વામિનારાયણ

Like, Share & Subscribe to our
YouTube Channel amreli mahila mandir.

મુદ્રક : શ્રીજી આર્ટ, અમદાવાદ.
(મો.) ૭૬૦૦૦૨૬૬૮૬, ૯૮૭૯૬૦૬૬૮૬
E-mail : shreejiart@gmail.com

પ્રાપ્તિસ્થાન

(૧) શ્રી સ્વામિનારાયણ મહિલા સંસ્કાર કેન્દ્ર,
રોકડવાડી, ગંગાપાર્ક સોસા., કેરિયા રોડ, **અમરેલી**
ફોન નં. ૦૨૭૯૨-૨૨૫૧૯૯,
મો. ૯૮૭૯૨૦૮૫૨૯/૨૪

(૨) શ્રી સ્વામિનારાયણ મહિલા સંસ્કાર કેન્દ્ર,
૯-દાનેવપાર્ક સોસા., નિકોલગામ રોડ, ગેટ નં.૩,
મુક્તિધામ એસ્ટેટ સામે, બાપુનગર-**અમદાવાદ**
મો. ૯૮૭૯૨૦૮૫૨૭/૨૩

(૩) શ્રી સ્વામિનારાયણ મહિલા સંસ્કાર કેન્દ્ર
પ્લોટ નં. ૧૮૨, વિ-૩, સ્વાતિ કો.ઓ.સોસા.
ચોપાટી સામે, ચીકુવાડી, નાના વરાછા-**સુરત-૬**
મો. ૯૮૭૯૨૦૮૫૨૮, ૯૮૭૯૨૦૮૧૦૭

(૪) શ્રી સ્વામિનારાયણ મંદિર (મહિલા સંસ્કાર કેન્દ્ર)
લક્ષ્મીનારાયણ પાર્ક-સોસા.,
ગઢડા રોડ-ગુરુકુલ સામે, **બોટાદ**
મો. ૯૮૭૯૨૦૮૭૦૫, ૯૮૭૯૨૦૮૫૨૪

શુભાશિષ

સર્વાવતારી અક્ષરાધિપતિ શ્રી સ્વામિનારાયણ ભગવાનના તમામ લીલાચરિત્રો દિવ્ય છે. તેનું ધ્યાન-ગાન-કીર્તન કરવાથી જીવાત્માના અંતરમાં શાંતિ થાય છે ને પાપ માત્ર બળી જાય છે ને એ આત્માનો સંસૃતિ થકી મોક્ષ થાય છે.

સુખની પ્રાપ્તિ માટે માનવસમાજે દોટ મૂકી છે પણ જેણે સાચા સુખને પામવું હોય, બાહ્ય અને આભ્યંતર જીવનમાં સુખની અનુભૂતિ કરવી હોય તેણે પ્રથમ તો સુખનો સાચો રસ્તો શોધવો પડે તો એ રસ્તો શોધવા માટે આ પુસ્તકમાં ધ્યાનના માધ્યમથી યત્કિંચિત પ્રયત્ન કરવામાં આવ્યો છે તો શ્રીજી મહારાજની મૂર્તિમાં આપણા મનની અખંડવૃત્તિ રહે તેવી ભગવાનના શ્રી ચરણોમાં પ્રાર્થના.

લિ. સાંખ્યયોગી શ્રી લીલાબા

॥ શ્રાહાર ॥

નિવેદન

પૂર્ણ પુરૂષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુએ અનહદ કૃપા કરીને સમસ્ત જીવપ્રાણીમાત્રના ભલા માટે - સર્વ જીવોના હિતાર્થે શિક્ષાપત્રી આલેખી. એમાં ઉત્તમ જીવન-રીતિ, સુંદર વ્યવહારનીતિ સમજાવી.

ભગવાન શ્રી સ્વામિનારાયણ તથા નંદસંતોનાં રાત્રી-દિવસનાં અથાગ દાખડાને આત્મસાત કર્યો છે જેમણે એવાં પ.પૂ.સાં.યો. શ્રી લીલાબાએ આજના કલુષિત વાતાવરણથી બાળમાનસ પર થતી વિપરીત અસર બાલિકાઓ સુધી ન પહોંચે અને બાલિકાઓ બાળપણથી જ સુસંસ્કારી ને ધાર્મિક બને તેવા હેતુથી શ્રી સ્વામિનારાયણ મહિલા સંસ્કાર કેન્દ્રની અમરેલીમાં સ્થાપના તથા શ્રીજી રાજીપાર્થે ગામડે ગામડે સત્સંગ

જ્યોત લઈ બહેનો-દીકરીઓમાં "જ્યોત સે જ્યોત જલે" એ ન્યાયે સત્સંગરૂપી જ્યોત જગાવવાની પ્રવૃત્તિ થઈ રહી છે.

સત્સંગમાં પોષણ માટે શિક્ષાપત્રી, જનમંગલ, અક્ષરધામનું વર્ણન તથા સર્વ ભક્તોને ધ્યાનના અભ્યાસ માટે શ્રીહરિની મૂર્તિના તિલ-ચિહ્નનું વર્ણન તેમજ પાંચ માનસીપૂજા આ પુસ્તિકામાં આપેલ છે.

દરેક મુમુક્ષુને દરરોજ વાંચન અને ધ્યાનમાં ઉપયોગી થાય તેવા હેતુથી આ પુસ્તિકા પ્રસિદ્ધ કરેલ છે. શ્રીજી મહારાજ સૌને સત્સંગનું વિશેષ બળ આપે એવી પ્રભુના ચરણોમાં પ્રાર્થના.

લિ.

પાર્ષદ માયાભેનનાં

જય શ્રી સ્વામિનારાયણ

અનુક્રમણિકા

અ.નં.	વિગત	પેજ નંબર
૧.	શિક્ષાપત્રી	૧ થી ૬૦
૨.	જનમંગલ નામાવલિ અર્થ સહિત	૬૧
૩.	જનમંગલ સ્તોત્રમ્	૭૦
૩.	શ્રીહરિના ચરણચિહ્નનું ચિંતનફળ	૭૬
૪.	શ્રીહરિજીના તિલ-ચિહ્ન	૮૪
૫.	અક્ષરધામનું વર્ણન	૯૨
૬.	માનસીપૂજા	૧૦૮



શ્રી શિક્ષાપત્રીની આરતી

જય પરબ્રહ્મગીરા જય પરબ્રહ્મગીરા,

શિક્ષાપત્રી સુખદા, શ્રેયસ્કર રુચિરા, જય પરબ્રહ્મગીરા ॥ધ્રુવ॥

સહજાનંદ પ્રભુની, કરુણામૃત-સરિતા; (૨)

સત્સંગિજીવનની, દિવ્ય મહા કવિતા...જય

વિશેષ ને સામાન્ય ધર્મો સૂચવતી; (૨)

કલિમાં મંગલકારી સહજાનંદ સ્મૃતિ...જય

સત્શાસ્ત્રોનું સત્ત્વ, જગમાં વિસ્તરતી, (૨)

અભય કરી આશ્રિતો સંકટ સૌ હરતી...જય

સર્વોપરી સંપૂજય શ્રીહરિ મૂર્તિ-રૂપ, (૨)

આજ્ઞાંકિત બની રહીએ, બનવા-બ્રહ્મસ્વરૂપ...જય

શિક્ષાપત્રી શ્લોકો

वामे यस्य स्थिता राधा श्रीश्च यस्यास्ति वक्षसि ।
वृन्दावनविहारं तं श्रीकृष्णं हृदि चिन्तये ॥१॥

(શ્રી સહજાનંદ સ્વામી જે તે પોતાના સત્સંગી પ્રત્યે શિક્ષાપત્રીને લખતા થકા પ્રથમ પોતાના ઈષ્ટદેવ જે શ્રીકૃષ્ણ ભગવાન તેનું ધ્યાનરૂપ મંગલાચરણ કરે છે.)

હું જે તે મારા હૃદયને વિષે શ્રીકૃષ્ણ ભગવાનનું ધ્યાન કરું છું તે શ્રીકૃષ્ણ કેવા છે તો - જેના ડાબા પડખાને વિષે રાધિકાજી રહ્યા છે અને જેના વક્ષઃસ્થળને વિષે લક્ષ્મીજી રહ્યા છે અને વૃન્દાવનને વિષે વિહારના કરનારા છે. ॥૧॥

અને વૃત્તાલય ગામને વિષે રહ્યા એવા સહજાનંદ સ્વામી જે અમે, તે અમે જે તે નાના પ્રકારના જે સર્વે દેશ તેમને વિષે રહ્યા એવા જે અમારા આશ્રિત સર્વે સત્સંગી તે પ્રત્યે શિક્ષાપત્રીને લખીએ છીએ. ॥૨॥

શ્રી ધર્મદેવ થકી છે જન્મ જેમનો એવા જે અમારા ભાઈ રામપ્રતાપજી તથા ઈચ્છારામજી તેમના પુત્ર જે અયોધ્યાપ્રસાદ નામે અને રઘુવીર નામે (જેને અમે અમારા દત્તપુત્ર કરીને સર્વે સત્સંગીના આચાર્યપણાને વિષે સ્થાપન કર્યા છે.) ॥૩॥

તથા અમારા આશ્રિત એવા જે મુકુંદાનંદ આદિક નૈષ્ઠિક બ્રહ્મચારી તથા અમારા આશ્રિત જે મયારામ ભટ્ટ આદિક ગૃહસ્થ સત્સંગી. ॥૪॥

તથા અમારા આશ્રિત જે સુવાસિની અને વિધવા એવી સર્વે બાઈઓ તથા મુક્તાનંદ આદિક જે સર્વે સાધુ. ॥૫॥

એ સર્વે તેમણે પોતાના ધર્મની રક્ષાના કરનારા અને શાસ્ત્રને વિષે પ્રમાણરૂપ અને શ્રીમન્નારાયણની સ્મૃતિએ સહિત એવા જે અમારા રૂડા આશિર્વાદ તે વાંચવા. ॥૬॥

અને આ શિક્ષાપત્રી લખ્યાનું જે કારણ છે તે સર્વે તેમણે એકાગ્ર મને કરીને ધારવું અને આ શિક્ષાપત્રી જે અમે લખી છે તે સર્વેના જીવને હિતની કરનારી છે. ॥૭॥

અને શ્રીમદ્ ભાગવત પુરાણ આદિક જે સત્શાસ્ત્ર તેમણે જીવના કલ્યાણને અર્થે પ્રતિપાદન કર્યા એવા જે અહિંસા આદિક સદાચાર તેમને જે મનુષ્ય પાળે છે તે મનુષ્ય જે તે આ લોક ને પર લોકને વિષે મહાસુખિયા થાય છે. ॥૮॥

અને તે સદાચારનું ઉલ્લંઘન કરીને જે મનુષ્ય પોતાના મનમાં આવે તેમ વર્તે છે તે તો કુબુધ્ધિવાળા છે અને આલોક ને પરલોકને વિષે નિશ્ચે મોટા કષ્ટને જ પામે છે. ॥૯॥

તે માટે અમારા શિષ્ય એવા જે તમે સર્વે તેમણે તો પ્રીતિએ કરીને આ શિક્ષાપત્રી ને અનુસરીને જ નિરંતર સાવધાનપણે વર્તવું પણ શિક્ષાપત્રીનું ઉલ્લંઘન કરીને વર્તવું નહિ. ॥૧૦॥

હવે તે વર્ત્યાની રીત કહીએ છીએ જે અમારા જે સત્સંગી તેમણે કોઈ જીવ પ્રાણીમાત્રની પણ હિંસા ન કરવી અને જાણીને તો ઝીણા એવા જુ, માંકડ, ચાંચડ આદિક જીવ તેમની પણ હિંસા ક્યારેય ન કરવી. ॥૧૧॥

અને દેવતા અને પિતૃ તેના યજ્ઞને અર્થે પણ બકરાં, મૃગલાં, સસલાં, માછલાં આદિક કોઈ જીવની હિંસા ન કરવી, કેમ જે અહિંસા છે તે જ મોટો ધર્મ છે એમ સર્વ શાસ્ત્રમાં કહ્યું છે. ॥૧૨॥

અને સ્ત્રી, ધન અને રાજ્ય તેની પ્રાપ્તિને અર્થે પણ કોઈ મનુષ્યની હિંસા તો કોઈ પ્રકારે ક્યારેય પણ ન જ કરવી. ॥૧૩॥

અને આત્મઘાત તો તીર્થને વિષે પણ ન કરવો. ને ક્રોધે કરીને ન કરવો અને ક્યારેક કોઈ અયોગ્ય આચરણ થઈ જાય તે થકી મુંઝાઈને પણ આત્મઘાત ન કરવો અને ઝેર ખાઈને તથા ગળે ટુંપો ખાઈને તથા કૂવે પડીને તથા

પર્વત ઉપરથી પડીને ઈત્યાદિક કોઈ રીતે આત્મઘાત ન કરવો. ॥૧૪॥

અને જે માંસ છે તે તો યજ્ઞનું શેષ હોય તો પણ આપત્કાળમાં પણ ક્યારેય ન ખાવું અને ત્રણ પ્રકારની સુરા અને અગિયાર પ્રકારનું મદ્ય તે દેવતાનું નૈવેદ્ય હોય તો પણ ન પીવું. ॥૧૫॥

અને ક્યારેક પોતાવતે કાંઈક અયોગ્ય આચરણ થઈ ગયું હોય અથવા કોઈ બીજાવતે અયોગ્ય આચરણ થઈ ગયું હોય તો શસ્ત્રાદિકે કરીને પોતાના અંગનું તથા બીજાના અંગનું છેદન ન કરવું અથવા ક્રોધે કરીને પણ પોતાના અંગનું તથા બીજાના અંગનું છેદન ન કરવું. ॥૧૬॥

અને ધર્મ કરવાને અર્થે પણ અમારા સત્સંગી કોઈએ ચોરનું કર્મ ન કરવું. અને ધણિયાતું જે કાષ્ટ, પુષ્પ આદિક વસ્તુ તે તેના ધણીની આજ્ઞા વિના ન લેવું. ॥૧૭॥

અને અમારા આશ્રિત જે પુરૂષ તથા સ્ત્રીઓ તેમણે વ્યભિચાર ન કરવો અને જુગટું આદિક જે વ્યસન તેનો ત્યાગ કરવો અને ભાંગ્ય, મફર, માજમ, ગાંજો એ આદિક જે કેફ કરનારી વસ્તુ તે ખાવી નહી અને પીવી પણ નહી. ॥૧૮॥

અને જેના હાથનું રાંધેલ અન્ન તથા જેના પાત્રનું જળ તે ખપતું ન હોય તેણે રાંધેલ અન્ન તથા તેના પાત્રનું જળ, તે શ્રીકૃષ્ણ ભગવાનની પ્રસાદી- ચરણામૃતના માહાત્મ્યે કરીને પણ જગન્નાથપુરી વિના અન્ય સ્થાનકને વિષે ગ્રહણ ન કરવું અને જગન્નાથપુરીને વિષે જગન્નાથજીનો પ્રસાદ લેવાય તેનો દોષ નહિ. ॥૧૯॥

અને પોતાના સ્વાર્થની સિદ્ધિને અર્થે પણ કોઈને વિષે મિથ્યા અપવાદ આરોપણ ન કરવો અને કોઈને ગાળ તો ક્યારેય ન દેવી. ॥૨૦॥

અને દેવતા, તીર્થ, બ્રાહ્મણ, પતિવ્રતા, સાધુ અને વેદ એમની નિંદા ક્યારેય ન કરવી અને ન સાંભળવી. ॥૨૧॥

અને જે દેવતાને સુરા અને માંસનું નૈવેદ્ય થતું હોય અને વળી જે દેવતાની આગળ બકરા આદિક જીવની હિંસા થતી હોય તે દેવતાનું નૈવેદ્ય ન ખાવું. ॥૨૨॥

અને માર્ગને વિષે ચાલતે શિવાલયાદિક જે દેવમંદિર આવે તેને જોઈને તેને નમસ્કાર કરવા અને આદર થકી તે દેવનું દર્શન કરવું. ॥૨૩॥

અને પોતપોતાના વર્ણાશ્રમનો જે ધર્મ તે કોઈ સત્સંગીએ ત્યાગ ન કરવો ને પરધર્મનું આચરણ ન કરવું તથા પાખંડ ધર્મનું આચરણ ન કરવું. તથા કલ્પિત ધર્મનું આચરણ ન કરવું. ॥૨૪॥

અને જેના વચનને સાંભળવે કરીને શ્રીકૃષ્ણ ભગવાનની ભક્તિ ને પોતાનો ધર્મ એ બે થકી પડી

જવાય તેના મુખ થકી ભગવાનની કથાવાર્તા ન સાંભળવી. ॥૨૫॥

અને જે સત્ય વચન બોલવે કરીને પોતાનો દ્રોહ થાય તથા પારકો દ્રોહ થાય એવું જે સત્ય વચન તે ક્યારેય ન બોલવું, અને જે કૃતઘ્ની હોય તેના સંગનો ત્યાગ કરવો અને વ્યવહાર કાર્યને વિષે કોઈની લાંચ ન લેવી. ॥૨૬॥

અને ચોર, પાપી, વ્યસની, પાખંડી,કામી તથા કિમિયા આદિક ક્રિયાએ કરીને જનનો ઠગનારો એ છ પ્રકારના જે મનુષ્ય તેમનો સંગ ન કરવો. ॥૨૭॥

અને જે મનુષ્ય ભક્તિનું અથવા જ્ઞાનનું આલંબન કરીને સ્ત્રી, દ્રવ્ય અને રસાસ્વાદ તેને વિષે અતિશય લોલુપ થકા પાપને વિષે પ્રવર્તતા હોય, તે મનુષ્યનો સમાગમ ન કરવો. ॥૨૮॥

અને જે શાસ્ત્રને વિષે શ્રીકૃષ્ણ ભગવાન તથા શ્રીકૃષ્ણ ભગવાનના જે વરાહાદિક અવતાર તેમનું

યુક્તિએ કરીને ખંડન કર્યું હોય એવા જે શાસ્ત્ર તે ક્યારેય ન માનવાં અને ન સાંભળવાં. ॥૨૯॥

અને ગાળ્યા વિનાનું જે જળ તથા દૂધ તે ન પીવું અને જે જળને વિષે ઝીણા જીવ ઘણાક હોય તે જળે કરીને સ્નાનાદિક ક્રિયા ન કરવી. ॥૩૦॥

અને જે ઔષધ દારૂ તથા માંસ તેણે યુક્ત હોય તે ઔષધ ક્યારેય ન ખાવું અને વળી જે વૈદ્યના આચરણને જાણતા ન હોઈએ તે વૈદ્યે આપ્યું જે ઔષધ તે પણ ક્યારેય ન ખાવું. ॥૩૧॥

અને લોક ને શાસ્ત્ર તેમણે મળમૂત્ર કરવાને અર્થે વર્જ્યાં એવા સ્થાનક, જે જીર્ણ દેવાલય તથા નદી-તળાવના આરા તથા માર્ગ તથા વાવેલું ખેતર તથા વૃક્ષની છાયા તથા ફુલવાડી, બગીચા એ આદિક જે સ્થાનક તેમને વિષે ક્યારેય પણ મળ-મૂત્ર ન કરવું તથા થૂંકવું પણ નહિ. ॥૩૨॥

અને ચોરમાર્ગે કરીને પેસવું નહિ અને નિસરવું નહિ અને જે સ્થાનક ધણિયાતું હોય તે સ્થાનકને વિષે તેના ધણીને પૂછ્યા વિના ઉતારો ન કરવો. ॥૩૩॥

અને અમારા સત્સંગી જે પુરુષ માત્ર તેમણે બાઈ માણસના મુખથકી જ્ઞાનવાર્તા ન સાંભળવી અને સ્ત્રીઓ સાથે વિવાદ ન કરવો તથા રાજા સંગાથે તથા રાજાના માણસ સંગાથે વિવાદ ન કરવો. ॥૩૪॥

અને ગુરૂનું અપમાન ન કરવું તથા જે અતિશય શ્રેષ્ઠ મનુષ્ય હોય તથા જે લોકને વિષે પ્રતિષ્ઠિત મનુષ્ય હોય તથા જે વિદ્વાન મનુષ્ય હોય તથા જે શસ્ત્રધારી મનુષ્ય હોય તે સર્વેનું અપમાન ન કરવું. ॥૩૫॥

અને વિચાર્યા વિના તત્કાળ કાંઈ કાર્ય ન કરવું અને ધર્મ સંબંધી જે કાર્ય તે તો તત્કાળ કરવું અને પોતે જે વિદ્યા ભણ્યા હોઈએ તે બીજાને ભણાવવી અને નિત્ય પ્રત્યે સાધુનો સમાગમ કરવો. ॥૩૬॥

અને ગુરૂ, દેવ અને રાજા - એ ત્રણના દર્શનને અર્થે જ્યારે જવું ત્યારે ઠાલે હાથે ન જવું અને કોઈનો વિશ્વાસઘાત ન કરવો અને પોતાને મુખે કરીને પોતાના વખાણ ન કરવા. ॥૩૭॥

અને જે વસ્ત્ર પહેર્યે થકે પણ પોતાના અંગ દેખાય તેવું જે ભુંડુ વસ્ત્ર, તે અમારા સત્સંગી તેમણે ન પહેરવું. ॥૩૮॥

અને શ્રીકૃષ્ણ ભગવાનની જે ભક્તિ તે ધર્મે રહિત એવી કોઈ પ્રકારે ન કરવી અને અજ્ઞાની એવા જે મનુષ્ય તેમની નિંદાના ભય થકી શ્રીકૃષ્ણ ભગવાનની સેવાનો ત્યાગ કરવો જ નહિ. ॥૩૯॥

અને ઉત્સવના દિવસને વિષે તથા નિત્ય પ્રત્યે શ્રીકૃષ્ણના મંદિરમાં આવ્યા એવા જે સત્સંગી પુરૂષ તેમણે તે મંદિરને વિષે સ્ત્રીઓનો સ્પર્શ ન કરવો તથા સ્ત્રીઓ તેમણે પુરુષનો સ્પર્શ ન કરવો અને મંદિરમાંથી નિસર્યા પછી પોતપોતાની રીતે વર્તવું. ॥૪૦॥

અને ધર્મવંશી ગુરુથકી શ્રીકૃષ્ણની દીક્ષાને પામ્યા એવા જે બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય. એ ત્રણ વર્ણના અમારા સત્સંગી, તેમણે કંઠને વિષે તુલસીની બેવડી માળા નિત્યે ધારવી અને લલાટ, હૃદય અને બે હાથ એ ચારે ઠેકાણે ઊર્ધ્વપુંડ્ર તિલક કરવું. ॥૪૧॥

અને તે તિલક જે તે ગોપીચંદને કરીને કરવું, અથવા ભગવાનની પૂજા કરતાં બાકી રહ્યું અને કેસર કુંકુમાદિકે યુક્ત એવું જે પ્રસાદીનું ચંદન તેણે કરીને તિલક કરવું. ॥૪૨॥

અને તે તિલકના મધ્યને વિષે જ ગોળ એવો જે ચાંદલો તે જે તે ગોપીચંદને કરીને કરવો અથવા રાધિકાજી અને લક્ષ્મીજી તેનું પ્રસાદી એવું જે કુંકુમ તેણે કરીને તે ચાંદલો કરવો. ॥૪૩॥

અને પોતાના ધર્મને વિષે રહ્યા અને શ્રીકૃષ્ણના ભક્ત એવા સચ્છુદ્ર તેમણે તો તુલસીની

માળા અને ઊર્ધ્વપુંડ્ર તિલક તે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્યની પેઠે ધારવા. ॥૪૪॥

અને તે સચ્છુદ્ર થકી બીજા જે જાતિએ કરીને ઉતરતા એવા ભક્તજન તેમણે તો ચંદનાદિક કાષ્ટની જે બેવડી માળા તે ભગવાનની પ્રસાદી કરાવીને કંઠને વિષે ધારવી અને લલાટને વિષે કેવળ ચાંદલો કરવો પણ તિલક ન કરવું. ॥૪૫॥

અને જે બ્રાહ્મણાદિકને ત્રિપુંડ્ર જે આડું તિલક કરવું તથા રુદ્રાક્ષની માળા ધારવી, એ બે વાના પોતાની કુળપરંપરાએ કરીને ચાલ્યાં આવ્યાં હોય અને તે બ્રાહ્મણાદિક અમારા આશ્રિત થયા હોય તો પણ તેમણે તે ત્રિપુંડ્ર અને રુદ્રાક્ષનો ક્યારેય ત્યાગ ન કરવો. ॥૪૬॥

અને નારાયણ અને શિવજી એ બેનું એકાત્મપણું જ જાણવું, કેમ જે વેદને વિષે એ બેયનું બ્રહ્મરૂપે કરીને પ્રતિપાદન કર્યું છે. ॥૪૭॥

અને અમારા આશ્રિત જે મનુષ્ય તેમણે શાસ્ત્રે કહ્યો જે આપદ્ધર્મ તે અલ્પ આપત્કાળને વિષે મુખ્યપણે કરીને ક્યારેય ગ્રહણ ન કરવો. ॥૪૮॥

અને અમારા સત્સંગી, તેમણે નિત્યે સૂર્ય ઊગ્યાથી પ્રથમ જ જાગવું અને શ્રીકૃષ્ણ ભગવાનનું સ્મરણ કરીને પછી શૌચવિધિ કરવા જવું. ॥૪૯॥

અને પછી એક સ્થાનકને વિષે બેસીને દાતણ કરવું અને પછી પવિત્ર જળે કરીને સ્નાન કરીને પછી ધોયેલું વસ્ત્ર એક પહેરવું અને એક ઓઢવું. ॥૫૦॥

અને તે વાર પછી પવિત્ર પૃથ્વીને વિષે પાથર્યું અને શુદ્ધ ને કોઈ બીજા આસનને અડ્યું ન હોય અને જે ઉપર સારી પેઠે બેસાય એવું જે આસન તેને વિષે પૂર્વમુખે અથવા ઉત્તરમુખે બેસીને આચમન કરવું. ॥૫૧॥

અને પછી સત્સંગી પુરુષમાત્રને ચાંદલે સહિત ઊર્ધ્વપુંડ્ર તિલક કરવું અને સુવાસિની જે સ્ત્રીઓ, તેમણે તો પોતાના ભાલને વિષે કુંકુમનો ચાંદલો કરવો. ॥૫૨॥

અને તે વિધવા સ્ત્રીઓ માત્રને પોતાના ભાલને વિષે તિલક ન કરવું ને ચાંદલો પણ ન કરવો. અને તે પછી તે સર્વે જે અમારા સત્સંગી, તેમણે મને કરીને કલ્પ્યાં જે ચંદન પુષ્પાદિક ઉપચાર તેમણે કરીને શ્રીકૃષ્ણ ભગવાનની માનસી પૂજા કરવી. ॥૫૩॥

અને તે પછી શ્રીરાધાકૃષ્ણની જે ચિત્ર પ્રતિમા તેનું આદર થકી દર્શન કરીને નમસ્કાર કરીને પછી પોતાના સામર્થ્ય પ્રમાણે શ્રીકૃષ્ણનો જે અષ્ટાક્ષર મંત્ર તેનો જપ કરીને તે પછી પોતાનું વ્યવહારિક કામકાજ કરવું. ॥૫૪॥

અને જે અમારા સત્સંગીમાં અંબરીષ રાજાની પેઠે આત્મનિવેદી એવા ઉત્તમ ભક્ત હોય તેમણે પણ પ્રથમ કહ્યું તેવી રીતે અનુક્રમે કરીને માનસી પૂજા પર્યન્ત સર્વે ક્રિયા કરવી. ॥૫૫॥

અને તે જે આત્મનિવેદી ભક્ત તેમણે પાષાણની અથવા ધાતુની જે શ્રીકૃષ્ણ ભગવાનની પ્રતિમા અથવા

શાલીગ્રામ, તેની જે પૂજા તે દેશકાળને અનુસરીને પોતાના સામર્થ્ય પ્રમાણે પ્રાપ્ત થયાં જે ચંદન, પુષ્પ, ફળાદિક વસ્તુ તેણે કરીને કરવી અને પછી શ્રીકૃષ્ણ ભગવાનનો જે અષ્ટાક્ષર મંત્ર તેનો જપ કરવો. ॥૫૬॥

અને તે પછી શ્રીકૃષ્ણ ભગવાનના જે સ્તોત્ર અથવા ગ્રંથ તેનો જે પાઠ તે પોતાના સામર્થ્ય પ્રમાણે કરવો અને જે સંસ્કૃત ન ભણ્યા હોય તેમણે શ્રીકૃષ્ણ ભગવાનનું નામ સંકીર્તન કરવું. ॥૫૭॥

અને પછી શ્રીકૃષ્ણ ભગવાનને નૈવેદ્ય કરીને પછી તે પ્રસાદી એવું જે અન્ન તે જમવું અને તે જે આત્મનિવેદી વૈષ્ણવ તેમણે સર્વકાળને વિષે પ્રીતિએ કરીને શ્રીકૃષ્ણ ભગવાનની સેવાપરાયણ થવું. ॥૫૮॥

અને નિર્ગુણ કહેતાં માયાના જે સત્ત્વાદિક ત્રણ ગુણ તેણે રહિત એવા જે શ્રીકૃષ્ણ ભગવાન. તેના સંબંધ થકી તે આત્મનિવેદી ભક્તની જે સર્વે ક્રિયા તે નિર્ગુણ

થાય છે તે હેતુ માટે તે આત્મનિવેદી ભક્ત જે તે નિર્ગુણ કહ્યા છે. ॥૫૯॥

અને એ જે આત્મનિવેદી ભક્ત, તેમણે શ્રીકૃષ્ણ ભગવાનને અર્પણ કર્યા વિનાનું જળ પણ ક્યારેય ન પીવું અને પત્ર, કંદ ફળાદિક જે વસ્તુ તે પણ શ્રીકૃષ્ણ ભગવાનને અર્પણ કર્યા વિનાનું ન ખાવું. ॥૬૦॥

અને વળી સર્વે જે અમારા સત્સંગી તેમણે વૃધ્ધપણા થકી અથવા કોઈ મોટા આપત્કાળે કરીને અસમર્થપણું થઈ ગયે સતે પોતે સેવવાનું જે શ્રીકૃષ્ણનું સ્વરૂપ, તે બીજા ભક્તને આપીને પોતે પોતાના સામર્થ્ય પ્રમાણે વર્તવું. ॥૬૧॥

અને જે શ્રીકૃષ્ણનું સ્વરૂપ પોતાને સેવવાને અર્થે ધર્મવંશના જે આચાર્ય, તેમણે જ આપ્યું હોય અથવા તે આચાર્યે જે સ્વરૂપની પ્રતિષ્ઠા કરી હોય તે જ સ્વરૂપને સેવવું અને તે વિના બીજું જે શ્રીકૃષ્ણનું સ્વરૂપ, તે તો નમસ્કાર કરવા યોગ્ય છે પણ સેવવા યોગ્ય નથી. ॥૬૨॥

અને અમારા જે સર્વે સત્સંગી તેમણે નિત્ય પ્રત્યે સાયંકાળે ભગવાનના મંદિર પ્રત્યે જવું અને તે મંદિરને વિષે શ્રીરાધિકાજીના પતિ એવા જે શ્રીકૃષ્ણ ભગવાન તેના નામનું ઉચ્ચ સ્વરે કરીને કીર્તન કરવું. ॥૬૩॥

અને તે શ્રીકૃષ્ણની જે કથા વાર્તા, તે પરમ આદર થકી કરવી ને સાંભળવી અને ઉત્સવને દિવસે વાજિંત્રે સહિત શ્રીકૃષ્ણનાં કીર્તન કરવાં. ॥૬૪॥

અને અમારા આશ્રિત જે સર્વે સત્સંગી, તેમણે જે પ્રકારે પૂર્વ કહ્યું એ પ્રકારે કરીને જ નિત્ય પ્રત્યે કરવું અને સંસ્કૃત અને પ્રાકૃત એવા જે સદ્ગ્રંથ તેમનો અભ્યાસ પણ પોતાની બુધ્ધિને અનુસારે કરવો. ॥૬૫॥

અને જે મનુષ્ય જેવા ગુણે કરીને યુક્ત હોય, તે મનુષ્યને તેવા કાર્યને વિષે વિચારીને જ પ્રેરવો, પણ જે કાર્યને વિષે જે યોગ્ય ન હોય તે કાર્યને વિષે તેને ક્યારેય ન પ્રેરવો. ॥૬૬॥

અને પોતાના જે સેવક હોય તે સર્વની પોતાના સામર્થ્ય પ્રમાણે અન્નવસ્ત્રાદિકે કરીને યથાયોગ્ય સંભાવના નિરંતર રાખવી. ॥૬૭॥

અને જે પુરુષ જેવા ગુણવાળો હોય તે પુરુષને તેવા વચને કરીને દેશ કાળાનુસારે યથાયોગ્ય બોલાવવો પણ એથી બીજી રીતે ન બોલાવવો. ॥૬૮॥

અને વિનયે કરીને યુક્ત એવા જે અમારા આશ્રિત સત્સંગી તેમણે ગુરુ, રાજા, અતિવૃધ્ધ, ત્યાગી, વિદ્વાન અને તપસ્વી; એ છ જણા આવે ત્યારે સન્મુખ ઉઠવું તથા આસન આપવું તથા મધુર વચને બોલાવવું ઈત્યાદિક ક્રિયાએ કરીને એમનું સન્માન કરવું. ॥૬૯॥

અને ગુરુ, દેવ ને રાજા એમને સમીપે તથા સભાને વિષે પગ ઉપર પગ ચઢાવીને ન બેસવું તથા વસ્ત્રે કરીને ઢીંચણને બાંધીને ન બેસવું. ॥૭૦॥

અને અમારા આશ્રિત જે સર્વ સત્સંગી તેમણે પોતાના આચાર્ય સંગાથે ક્યારેય પણ વિવાદ ન કરવો અને પોતાના સામર્થ્ય પ્રમાણે અન્ન, ધન, વસ્ત્રાદિકે કરીને તે પોતાના આચાર્યને પૂજવા. ॥૭૧॥

અમારા જે આશ્રિત જન તેમણે પોતાના આચાર્યને આવતા સાંભળીને આદર થકી તત્કાળ સન્મુખ જવું અને તે આચાર્ય પોતાના ગામથી પાછા પધારે ત્યારે ગામની ભાગોળ સુધી વળાવવા જવું. ॥૭૨॥

અને ઘણુંક છે ફળ જેને વિષે એવું પણ જે કર્મ, તે જો ધર્મે રહિત હોય તો તેનું આચરણ ન જ કરવું કેમ જે ધર્મ છે તે જ સર્વ પુરૂષાર્થનો આપનારો છે, માટે કોઈક ફળના લોભે કરીને ધર્મનો ત્યાગ ન કરવો. ॥૭૩॥

અને પૂર્વે થયા જે મોટા પુરુષ તેમણે પણ જો ક્યારેય અધર્માચરણ કર્યું હોય તો તેનું ગ્રહણ ન કરવું અને તેમણે જે ધર્માચરણ કર્યું હોય તો તેનું ગ્રહણ કરવું. ॥૭૪॥

અને કોઈની પણ જે ગુહ્યવાર્તા તે તો કોઈ ઠેકાણે પણ પ્રકાશ કરવી જ નહિ ને જે જીવનું જેવી રીતે સન્માન કરવું ઘટતું હોય, તેનું તેવી રીતે જ સન્માન કરવું પણ સમદૃષ્ટિએ કરીને એ મર્યાદાનું ઉલ્લંઘન કરવું નહિ. ॥૭૫॥

અને અમારા જે સર્વે સત્સંગી તેમણે ચાતુર્માસને વિષે વિશેષ નિયમ ધારવો. અને જે મનુષ્ય અસમર્થ હોય તેમણે તો એક શ્રાવણ માસને વિષે વિશેષ નિયમ ધારવો. ॥૭૬॥

અને તે વિશેષ નિયમ તે ક્યાં તો ભગવાનની કથાનું શ્રવણ કરવું તથા કથા વાંચવી તથા ભગવાનના ગુણનું કીર્તન કરવું તથા પંચામૃત સ્નાને કરીને ભગવાનની મહાપૂજા કરવી તથા ભગવાનના મંત્રનો જપ કરવો તથા સ્તોત્રનો પાઠ કરવો તથા ભગવાનને પ્રદક્ષિણાઓ કરવી. ॥૭૭॥

તથા ભગવાનને સાષ્ટાંગ નમસ્કાર કરવા-એ જે આઠ પ્રકારના નિયમ તે અમે ઉત્તમ માન્યા છે. તે માટે એ નિયમમાંથી કોઈ એક નિયમ જે તે ચોમાસાને વિષે વિશેષપણે ભક્તિએ કરીને ધારવો. ॥૭૮॥

અને સર્વ જે એકાદશીઓ. તેમનું વ્રત જે તે આદરથકી કરવું તથા શ્રીકૃષ્ણ ભગવાનના જે જન્માષ્ટમી આદિક જન્મદિવસ તેમનું વ્રત જે તે આદરથકી કરવું તથા શિવરાત્રીનું વ્રત જે તે આદરથકી કરવું અને તે વ્રતના દિવસને વિષે મોટા ઉત્સવ કરવા. ॥૭૯॥

અને જે દિવસે વ્રતનો ઉપવાસ કર્યો હોય તે દિવસે અતિશય યત્ને કરીને દિવસની નિદ્રાનો ત્યાગ કરવો, કેમ જે જેમ મૈથુને કરીને મનુષ્યના ઉપવાસનો નાશ થાય છે તેમ જ દિવસની નિદ્રાએ કરીને મનુષ્યના ઉપવાસનો નાશ થઈ જાય છે. ॥૮૦॥

અને સર્વ વૈષ્ણવના રાજા એવા જે શ્રી વલ્લભાચાર્ય તેના પુત્ર જે શ્રી વિઠ્ઠલનાથજી તે જેતે જે વ્રત અને ઉત્સવના નિર્ણયને કરતા હવા. ॥૮૧॥

અને તે વિઠ્ઠલનાથજીએ કર્યો જે નિર્ણય તેને જ અનુસરીને સર્વે વ્રત ને ઉત્સવ કરવા. અને તે વિઠ્ઠલનાથજીએ કહી જે શ્રીકૃષ્ણની સેવારીતિ તેનું જ ગ્રહણ કરવું. ॥૮૨॥

અને સર્વે જે અમારા આશ્રિત, તેમણે દ્વારિકા આદિક જે તીર્થ તેમની યાત્રા જે તે પોતાના સામર્થ્ય પ્રમાણે યથાવિધિએ કરીને કરવી અને વળી પોતાના સામર્થ્ય પ્રમાણે દીનજનને વિષે દયાવાન થવું. ॥૮૩॥

અને અમારા જે આશ્રિત તેમણે વિષ્ણુ, શિવ, ગણપતિ, પાર્વતી અને સૂર્ય એ પાંચ દેવ પૂજ્યપણે કરીને માનવા. ॥૮૪॥

અને જો ક્યારેક ભૂતપ્રેતાદિકનો ઉપદ્રવ થાય ત્યારે તો નારાયણકવચનો જપ કરવો અથવા હનુમાનજીના મંત્રનો જપ કરવો. પણ એ વિના બીજા કોઈ શુદ્ર દેવના સ્તોત્ર અને મંત્રનો જપ ન કરવો. ॥૮૫॥

અને સૂર્યનું ને ચંદ્રમાનું ગ્રહણ થયે સતે અમારા જે સર્વે સત્સંગી તેમણે બીજી સર્વે ક્રિયાનો તત્કાળ ત્યાગ કરીને પવિત્ર થઈને શ્રીકૃષ્ણ ભગવાનના મંત્રનો જપ કરવો. ॥૮૬॥

અને તે ગ્રહણ મુકાઈ રહ્યા પછી વસ્ત્ર સહિત સ્નાન કરીને જે અમારા ગૃહસ્થ સત્સંગી હોય તેમણે પોતાના સામર્થ્ય પ્રમાણે દાન કરવું અને જે ત્યાગી હોય તેમણે ભગવાનની પૂજા કરવી. ॥૮૭॥

અને અમારા સત્સંગી એવા જે ચારે વર્ણના મનુષ્ય તેમણે જન્મનું સૂતક તથા મરણનું સૂતક તે પોતપોતાના સંબંધને અનુસારે કરીને યથાશાસ્ત્ર પાળવું. ॥૮૮॥

અને જે બ્રાહ્મણ વર્ણ હોય તેમણે શમ, દમ, ક્ષમા અને સંતોષ એ આદિક જે ગુણ તેમણે યુક્ત થવું અને જે ક્ષત્રિય વર્ણ હોય તેમણે શૂરવીરપણું અને ધીરજ એ આદિક જે ગુણ તેમણે યુક્ત થવું. ॥૮૯॥

અને વૈશ્ય વર્ણ હોય તેમણે કૃષિકર્મ તથા વણજવ્યાપાર તથા વ્યાજવટો એ આદિક જે વૃત્તિઓ તેમણે કરીને વર્તવું અને જે શુદ્ર વર્ણ હોય, તેમણે બ્રાહ્મણાદિક ત્રણ વર્ણની સેવા કરવી એ આદિક જે વૃત્તિઓ તેમણે કરીને વર્તવું. ॥૯૦॥

અને જે દ્વિજ હોય, તેમણે ગર્ભાધાનાદિક સંસ્કાર તથા આહ્નિક તથા શ્રાદ્ધ, એ ત્રણ જે તે પોતાના ગૃહ્યસૂત્રને અનુસારે કરીને જેવો જેનો અવસર હોય અને જેવી ધનસંપત્તિ હોય તે પ્રમાણે કરવા. ॥૯૧॥

અને ક્યારેક જાણે અથવા અજાણે જો નાનું મોટું પાપ થઈ જાય તો પોતાની શક્તિ પ્રમાણે તે પાપનું પ્રાયશ્ચિત્ત કરવું. ॥૯૨॥

અને ચાર વેદ તથા વ્યાસસૂત્ર તથા શ્રીમદ્‌ભાગવત નામે પુરાણ તથા મહાભારતને વિષે તો શ્રીવિષ્ણુસહસ્રનામ. ॥૯૩॥

તથા શ્રી ભગવદ્‌ગીતા તથા વિદુરજીએ કહેલી જે નીતિ તથા સ્કંદ પુરાણનો જે વિષ્ણુખંડ તેને વિષે રહ્યું એવું જે શ્રીવાસુદેવમાહાત્મ્ય. ॥૯૪॥

અને ધર્મશાસ્ત્રના મધ્યમાં રહી એવી જે યાજ્ઞવલ્ક્યઋષિની સ્મૃતિ એ જે આઠ સચ્છાસ્ત્ર તે અમને ઈષ્ટ છે. ॥૯૫॥

અને પોતાના હિતને ઈચ્છતા એવા જે અમારા સર્વે શિષ્ય તેમણે એ આઠ સચ્છાસ્ત્ર જે તે સાંભળવા. અને અમારા આશ્રિત જે દ્વિજ તેમણે એ સચ્છાસ્ત્ર જે તે ભણવાં તથા ભણાવવાં તથા એમની કથા કરવી. ॥૯૬॥

અને તે આઠ સચ્છાસ્ત્રમાંથી આચાર, વ્યવહાર અને પ્રાયશ્ચિત્ત. એ ત્રણનો જે નિર્ણય કરવો તેને વિષે તો

મિતાક્ષરા ટીકાએ યુક્ત એવી જે યાજ્ઞવલ્ક્યઋષિની સ્મૃતિ, તેનું ગ્રહણ કરવું. ॥૯૭॥

અને વળી એ આઠ સચ્છાસ્ત્રને વિષે જે શ્રીમદ્ભાગવત પુરાણ તેના દશમ ને પંચમ નામે જે બે સ્કંધ, તે જે તે શ્રીકૃષ્ણ ભગવાનનું માહાત્મ્ય જાણવાને અર્થે સર્વથી અધિકપણે જાણવા. ॥૯૮॥

અને દશમસ્કંધ તથા પંચમસ્કંધ તથા યાજ્ઞવલ્ક્યની સ્મૃતિ એ જે ત્રણ તે અનુક્રમે કરીને અમારું ભક્તિશાસ્ત્ર, યોગશાસ્ત્ર અને ધર્મશાસ્ત્ર છે. કહેતાં દશમસ્કંધ તે ભક્તિશાસ્ત્ર છે અને પંચમસ્કંધ તે યોગશાસ્ત્ર છે. અને યાજ્ઞવલ્ક્યની સ્મૃતિ તે ધર્મશાસ્ત્ર છે એમ જાણવું. ॥૯૯॥

અને શ્રીરામાનુજાચાર્યે કર્યું એવું જે વ્યાસસૂત્રનું શ્રીભાષ્ય તથા શ્રીભગવદ્ગીતાનું ભાષ્ય એ જે બે તે અમારું આધ્યાત્મશાસ્ત્ર છે એમ જાણવું. ॥૧૦૦॥

અને એ સર્વે સચ્છાસ્ત્રને વિષે જે વચન તે જે તે શ્રીકૃષ્ણ ભગવાનનું સ્વરૂપ તથા ધર્મ તથા ભક્તિ તથા વૈરાગ્ય. એ ચારના અતિ ઉત્કર્ષપણાને કહેતાં હોય. ॥૧૦૧॥

તે વચન જે તે બીજા વચન કરતાં પ્રધાનપણે માનવાં અને શ્રીકૃષ્ણ ભગવાનની ભક્તિ તે જે તે ધર્મે સહિત જ કરવી; એવી રીતે તે સર્વે સચ્છાસ્ત્રનું રહસ્ય છે. ॥૧૦૨॥

અને શ્રુતિ સ્મૃતિ તેમણે પ્રતિપાદન કર્યો એવો જે સદાચાર, તે ધર્મ જાણવો. અને શ્રીકૃષ્ણ ભગવાનને વિષે માહાત્મ્યજ્ઞાને સહિત જે ઘણો સ્નેહ તે ભક્તિ જાણવી. ॥૧૦૩॥

અને શ્રીકૃષ્ણ ભગવાન વિના અન્ય પદાર્થમાં પ્રીતિ નહિ તે વૈરાગ્ય જાણવો અને જીવ, માયા અને ઈશ્વર. તેમના સ્વરૂપને જે રૂડી રીતે જાણવું તેને જ્ઞાન કહીએ. ॥૧૦૪॥

અને જે જીવ છે તે હૃદયને વિષે રહ્યો છે ને અણુ સરખો સૂક્ષ્મ છે ને ચૈતન્યરૂપ છે ને જાણનારો છે અને પોતાની જ્ઞાનશક્તિએ કરીને નખથી શિખાપર્યંત સમગ્ર પોતાના દેહ પ્રત્યે વ્યાપીને રહ્યો છે અને અછેદ્ય, અભેદ્ય, અજર, અમર, ઈત્યાદિક છે લક્ષણ જેનાં એવો જીવ છે એમ જાણવો. ॥૧૦૫॥

અને જે માયા છે, તે ત્રિગુણાત્મિકા છે ને અંધકાર રૂપ છે ને શ્રીકૃષ્ણ ભગવાનની શક્તિ છે. અને આ જીવને દેહ તથા દેહના જે સંબંધી તેમને વિષે અહંમમત્વની કરાવનારી છે, એમ માયાને જાણવી. ॥૧૦૬॥

અને જે ઈશ્વર છે, તે જે તે જેમ હૃદયને વિષે જીવ રહ્યો છે, તેમ તે જીવને વિષે અંતર્યામીપણે કરીને રહ્યા છે ને સ્વતંત્ર છે. ને સર્વ જીવને કર્મફળના આપનારા છે એમ ઈશ્વરને જાણવા. ॥૧૦૭॥

અને તે ઈશ્વર તે ક્યા તો પરબ્રહ્મ પુરુષોત્તમ એવા જે શ્રીકૃષ્ણ ભગવાન તે ઈશ્વર છે. અને તે શ્રીકૃષ્ણ જે તે આપણા ઈષ્ટદેવ છે ને ઉપાસના કરવા યોગ્ય છે અને સર્વ અવતારના કારણ છે. ॥૧૦૮॥

અને સમર્થ એવા જે શ્રીકૃષ્ણ તે જે તે રાધિકાજીએ યુક્ત હોય ત્યારે 'રાધાકૃષ્ણ' એવે નામે જાણવા અને રૂક્મિણીરૂપ જે લક્ષ્મી, તેમણે યુક્ત હોય ત્યારે 'લક્ષ્મીનારાયણ' એવે નામે જાણવા. ॥૧૦૯॥

અને એ શ્રીકૃષ્ણ જે તે અર્જુને યુક્ત હોય ત્યારે નરનારાયણ એવે નામે જાણવા અને વળી તે શ્રીકૃષ્ણ જે તે બળભદ્રાદિકને યોગે કરીને તે તે નામે કહેવાય છે એમ જાણવું. ॥૧૧૦॥

અને એ જે રાધાદિક ભક્ત તે જે તે ક્યારેક તો તે શ્રીકૃષ્ણ ભગવાનને પડખે હોય છે અને ક્યારેક તો અતિ સ્નેહે કરીને શ્રીકૃષ્ણ ભગવાનના અંગને વિષે રહે

છે, ત્યારે તો તે શ્રીકૃષ્ણ ભગવાન એકલા જ હોય એમ જાણવા. ॥૧૧૧॥

એ હેતુ માટે એ શ્રીકૃષ્ણ ભગવાનનાં જે સ્વરૂપ તેમને વિષે સર્વે પ્રકારે કરીને ભેદ ન જાણવો અને ચતુર્ભુજપણું, અષ્ટભુજપણું, સહસ્ત્રભુજપણું, ઇત્યાદિક જે ભેદ જણાય છે તે તો દ્વિભુજ એવા જે તે શ્રીકૃષ્ણ તેમની ઈચ્છાએ કરીને છે એમ જાણવું. ॥૧૧૨॥

અને એવા જે તે શ્રીકૃષ્ણ ભગવાન્ તેની જે ભક્તિ, તે જે તે પૃથ્વીને વિષે સર્વ મનુષ્ય તેમણે કરવી. અને તે ભક્તિ થકી બીજું કલ્યાણકારી સાધન કાંઈ નથી એમ જાણવું. ॥૧૧૩॥

અને વિદ્યાદિક ગુણવાળા જે પુરુષ, તેમના ગુણવાનપણાનું એ જ પરમ ફળ જાણવું, કયું તો જે શ્રીકૃષ્ણ ભગવાનને વિષે ભક્તિ કરવી ને સત્સંગ કરવો. અને એમ ભક્તિ ને સત્સંગ એ બે વિના તો વિદ્વાન હોય તે પણ અધોગતિને પામે છે. ॥૧૧૪॥

અને શ્રીકૃષ્ણ ભગવાન્ તથા શ્રીકૃષ્ણ ભગવાનના જે અવતાર તે જે તે ધ્યાન કરવા યોગ્ય છે. તથા શ્રીકૃષ્ણ ભગવાનની જે પ્રતિમા, તે પણ ધ્યાન કરવા યોગ્ય છે. માટે એમનું ધ્યાન કરવું અને મનુષ્ય તથા દેવાદિક જે જીવ તે તો શ્રીકૃષ્ણ ભગવાનના ભક્ત હોય અને બ્રહ્મવેત્તા હોય તો પણ ધ્યાન કરવા યોગ્ય નથી. માટે એમનું ધ્યાન ન કરવું. ॥૧૧૫॥

અને સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ એ જે ત્રણ દેહ તે થકી વિલક્ષણ એવો જે પોતાનો જીવાત્મા. તેને બ્રહ્મરૂપની ભાવના કરીને પછી તે બ્રહ્મરૂપે કરીને શ્રીકૃષ્ણ ભગવાનની ભક્તિ જે તે સર્વ કાળને વિષે કરવી. ॥૧૧૬॥

અને શ્રીમદ્ભાગવત પુરાણનો જે દશમસ્કંધ તે જે તે નિત્ય પ્રત્યે આદર થકી સાંભળવો અથવા વરસો-વરસ એકવાર સાંભળવો અને જે પંડિત હોય તેમણે નિત્ય પ્રત્યે વાંચવો અથવા વર્ષો વર્ષ એકવાર વાંચવો. ॥૧૧૭॥

અને એ જે દશમસ્કંધ તેનું પુરશ્ચરણ જે તે પુણ્ય સ્થાનકને વિષે પોતાના સામર્થ્ય પ્રમાણે કરવું-કરાવવું, અને વળી વિષ્ણુસહસ્રનામ આદિક જે સચ્છાસ્ત્ર, તેનું પુરશ્ચરણ પણ પોતાના સામર્થ્ય પ્રમાણે કરવું-કરાવવું, તે પુરશ્ચરણ કેવું છે તો પોતાના મનવાંછિત ફળને આપે એવું છે. ॥૧૧૮॥

અને કષ્ટની દેનારી એવી કોઈ દેવ સંબંધી આપદા આવી પડે તથા મનુષ્ય સંબંધી આપદા આવી પડે તથા રોગાદિક આપદા આવી પડે તેને વિષે જેમ પોતાની ને બીજાની રક્ષા થાય તેમ વર્તવું પણ બીજી રીતે ન વર્તવું. ॥૧૧૯॥

અને આચાર, વ્યવહાર અને પ્રાયશ્ચિત્ત એ જે ત્રણ વાના તે જે તે દેશ, કાળ, અવસ્થા, દ્રવ્ય, જાતિ અને સામર્થ્ય એટલાને અનુસારે કરીને જાણવાં. ॥૧૨૦॥

અને અમારો જે મત તે વિશિષ્ટાદ્વૈત છે એમ જાણવું. અને અમને પ્રિય એવું જે ધામ તે ગોલોક છે એમ જાણવું. અને તે ધામને વિષે બ્રહ્મરૂપે કરીને જે શ્રીકૃષ્ણભગવાનની સેવા કરવી તે અમે મુક્તિ માની છે એમ જાણવું. ॥૧૨૧॥

અને આ જે પૂર્વે સર્વે ધર્મ કહ્યા તે જે તે અમારા આશ્રિત જે ત્યાગી, ગૃહસ્થ, બાઈ-ભાઈ, સર્વે સત્સંગી તેમના સામાન્ય ધર્મ કહ્યા છે કહેતાં સર્વ સત્સંગી માત્રને સરખા પાળવાના છે અને હવે એ સર્વેના જે વિશેષ ધર્મ છે, તેમને પૃથક્ પૃથક્ પણે કરીને કહીએ છીએ. ॥૧૨૨॥

✤ આચાર્યના વિશેષ ધર્મ ✤

હવે પ્રથમ ધર્મવંશી જે આચાર્ય અને તેમની પત્નીઓ તેમના જે વિશેષ ધર્મ તે કહીએ છીએ :- અમારા મોટાભાઈ અને નાનાભાઈ - તેના પુત્ર જે અયોધ્યાપ્રસાદ અને રઘુવીર, તેમણે પોતાના સમીપ સંબંધ વિનાની જે

બીજી સ્ત્રીઓ તેમને મંત્ર ઉપદેશ ક્યારેય ન કરવો. ॥૧૨૩॥

અને તે સ્ત્રીઓને ક્યારેય પણ અડવું નહિ અને તે સાથે બોલવું નહિ અને કોઈ જીવને વિષે ક્રૂરપણું ન કરવું અને કોઈની થાપણ ન રાખવી. ॥૧૨૪॥

અને વ્યવહાર કાર્યને વિષે કેનું પણ જમાનગરું ન કરવું અને કોઈ આપત્કાળ આવી પડે તો ભિક્ષા માગીને પોતાનો નિર્વાહ કરીને તે આપત્કાળને ઉલ્લંઘવો, પણ કોઈનું કરજ તો ક્યારેય ન કરવું. ॥૧૨૫॥

અને પોતાના જે શિષ્ય, તેમણે ધર્મ નિમિત્તે પોતાને આપ્યું જે અન્ન તે વેચવું નહિ. અને તે અન્ન જૂનું થાય તો તે જૂનું કોઈકને દઈને નવું લેવું અને એવી રીતે જે જૂનાનું નવું કરવું તે વેચ્યું ન કહેવાય. ॥૧૨૬॥

અને ભાદરવા સુદિ ચતુર્થીને દિવસે ગણપતિની પૂજા કરવી તથા આસો વદી ચતુર્દશીને દિવસે હનુમાનજીની પૂજા કરવી. ॥૧૨૭॥

અને અમારે આશ્રિત જે સર્વે સત્સંગી, તેમના ધર્મની રક્ષા કરવાને અર્થે એ સર્વેના ગુરુપણાને વિષે અમે સ્થાપન કર્યા એવા જે તે અયોધ્યાપ્રસાદ અને રઘુવીર, તેમણે મુમુક્ષુજનને દીક્ષા આપવી. ॥૧૨૮॥

અને પોતાના આશ્રિત જે સર્વે સત્સંગી તેમને અધિકાર પ્રમાણે પોતપોતાના ધર્મને વિષે રાખવા. અને સાધુને આદર થકી માનવા તથા સચ્છાસ્ત્રનો અભ્યાસ આદર થકી કરવો. ॥૧૨૯॥

અને મોટાં જે મંદિર તેમને વિષે અમે સ્થાપન કર્યાં એવા જે શ્રી લક્ષ્મીનારાયણ આદિક શ્રીકૃષ્ણનાં સ્વરૂપ, તેમની જે સેવા તે યથાવિધિએ કરીને કરવી. ॥૧૩૦॥

અને ભગવાનનાં મંદિર પ્રત્યે આવ્યો જે હરકોઈ અન્નાર્થી મનુષ્ય તેની પોતાના સામર્થ્ય પ્રમાણે અન્નના દાને કરીને આદરથકી સંભાવના કરવી. ॥૧૩૧॥

અને વિદ્યાર્થી ભણાવ્યાની શાળા કરાવીને પછી તેમાં એક વિદ્વાન બ્રાહ્મણને રાખીને પૃથ્વીને વિષે સદ્‌વિદ્યાની પ્રવૃત્તિ કરાવવી, કેમ જે વિદ્યાદાને કરીને મોટું પુણ્ય થાય છે. ॥૧૩૨॥

❖ આચાર્ય પત્નીના વિશેષ ધર્મ ❖

અને હવે એ અયોધ્યાપ્રસાદ અને રઘુવીર એ બેની જે પત્નીઓ, તેમણે પોતપોતાના પતિની આજ્ઞાએ કરીને સ્ત્રીઓને જ શ્રીકૃષ્ણના મંત્રનો ઉપદેશ કરવો. પણ પુરુષને ન કરવો. ॥૧૩૩॥

અને વળી તે બે જણની જે પત્નીઓ, તેમણે પોતાના સમીપ સંબંધ વિનાના જે પુરુષ, તેમનો સ્પર્શ ક્યારેય ન કરવો. અને તેમની સાથે બોલવું નહિ ને તેમને પોતાનું મુખ પણ ન દેખાડવું (એવી રીતે ધર્મવંશી આચાર્ય અને તેમની પત્નીઓ તેમના જે વિશેષ ધર્મ તે કહ્યા). ॥૧૩૪॥

✤ ગૃહસ્થના વિશેષ ધર્મ ✤

હવે ગૃહસ્થાશ્રમીના જે વિશેષ ધર્મ છે, તે કહીએ છીએ. અમારે આશ્રિત જે ગૃહસ્થાશ્રમી પુરુષ તેમણે પોતાના સમીપ સંબંધ વિનાની જે વિધવા સ્ત્રીઓ તેમનો સ્પર્શ ન કરવો. ॥૧૩૫॥

અને તે ગૃહસ્થાશ્રમી પુરુષ તેમણે યુવા અવસ્થાએ યુક્ત એવી જે પોતાની મા, બેન અને દીકરી તે સંગાથે પણ આપત્કાળ વિના એકાંતસ્થળને વિષે ન રહેવું અને પોતાની સ્ત્રીનું દાન કોઈને ન કરવું. ॥૧૩૬॥

અને જે સ્ત્રીને કોઈ પ્રકારના વ્યવહારે કરીને રાજાનો પ્રસંગ હોય, તેવી સ્ત્રીનો જે પ્રસંગ તે કોઈ પ્રકારે પણ ન કરવો. ॥૧૩૭॥

અને તે ગૃહસ્થાશ્રમી, તેમણે પોતાને ઘેર આવ્યો એવો જે અતિથિ તેને પોતાના સામર્થ્ય પ્રમાણે અન્નાદિકે કરીને પૂજવો, અને વળી હોમાદિક જે દેવકર્મ અને

શ્રાધ્ધાદિક જે પિતૃકર્મ તે જેતે પોતાના સામર્થ્ય પ્રમાણે યથાવિધિ જેમ ઘટે તેમ કરવું. ॥૧૩૮॥

અને અમારા આશ્રિત જે ગૃહસ્થ, તેમણે માતા-પિતા અને ગુરુ તથા રોગાતુર એવા જે કોઈ મનુષ્ય, તેમની જે સેવા તે જીવનપર્યંત પોતાના સામર્થ્ય પ્રમાણે કરવી. ॥૧૩૯॥

અને વળી પોતાના વર્ણાશ્રમને ઘટિત એવો જે ઉદ્યમ તે પોતાના સામર્થ્ય પ્રમાણે કરવો. અને કૃષિવૃત્તિવાળા જે ગૃહસ્થ સત્સંગી તેમણે બળદિયાના વૃષણનો ઉચ્છેદ ન કરવો. ॥૧૪૦॥

અને તે ગૃહસ્થ સત્સંગી તેમણે પોતાના સામર્થ્ય પ્રમાણે સમયને અનુસરીને જેટલો પોતાના ઘરમાં વરો હોય, તેટલા અન્ન-દ્રવ્યનો સંગ્રહ જે તે કરવો. અને જેના ઘરમાં પશુ હોય એવા જે ગૃહસ્થ તેમણે પોતાના સામર્થ્ય પ્રમાણે ચાર્ય પૂળાનો સંગ્રહ કરવો. ॥૧૪૧॥

અને ગાય, બળદ, ભેંસ, ઘોડા આદિક જે પશુ તેમની તૃણ જળાદિકે કરીને પોતાવતે જો સંભાવના થાય તો તે પશુને રાખવાં અને જો સંભાવના ન થાય તો ન રાખવાં. ॥૧૪૨॥

અને સાક્ષીએ સહિત લખત કર્યા વિના તો પોતાના પુત્ર અને મિત્રાદિક સાથે પણ પૃથ્વી ને ધનના લેણદેણે કરીને વ્યવહાર જે તે ક્યારેય ન કરવો. ॥૧૪૩॥

અને પોતાનું અથવા બીજાનું જે વિવાહ સંબંધી કાર્ય તેને વિષે, આપવા યોગ્ય જે ધન, તેનું સાક્ષીએ સહિત લખત કર્યા વિના કેવળ બોલી જ ન કરવી. ॥૧૪૪॥

અને પોતાની ઉપજનું જે દ્રવ્ય તેને અનુસારે નિરંતર ખર્ચ કરવો. પણ તે ઉપરાંત ન કરવો અને જે ઉપજ કરતાં વધારે ખર્ચ કરે છે તેને મોટું દુઃખ થાય છે એમ સર્વે ગૃહસ્થોએ મનમાં જાણવું. ॥૧૪૫॥

અને પોતાના વ્યવહારકાર્યને વિષે જેટલા ધનની ઊપજ હોય તથા જેટલો ખર્ચ હોય, તે બેયને સંભારીને નિત્ય પ્રત્યે રૂડા અક્ષરે કરીને પોતે તેનું નામું લખવું. ॥૧૪૬॥

અને તે ગૃહસ્થાશ્રમી સત્સંગી તેમણે પોતાની જે વૃત્તિ અને ઉદ્યમ, તે થકી પામ્યું જે ધનધાન્યાદિક, તે થકી દશમો ભાગ કાઢીને શ્રીકૃષ્ણ ભગવાનને અર્પણ કરવો અને જે વ્યવહારે દુર્બળ હોય તેમણે વિશમો ભાગ અર્પણ કરવો. ॥૧૪૭॥

અને એકાદશી આદિક જે વ્રત તેમનું જે ઉદ્યાપન તે જે તે પોતાના સામર્થ્ય પ્રમાણે યથાશાસ્ત્ર કરવું. તે ઉદ્યાપન કેવું છે, તો મનવાંછિત ફળનું આપનારું છે. ॥૧૪૮॥

અને શ્રાવણ માસને વિષે શ્રીમહાદેવનું પૂજન, જે તે બિલ્વપત્રાદિકે કરીને પ્રીતિપૂર્વક સર્વ પ્રકારે પોતે કરવું અથવા બીજા પાસે કરાવવું. ॥૧૪૯॥

અને પોતાના જે આચાર્ય તે થકી તથા શ્રીકૃષ્ણ ભગવાનનાં જે મંદિર, તે થકી કરજ ન કાઢવું, અને વળી તે પોતાના આચાર્ય થકી અને શ્રીકૃષ્ણના મંદિર થકી પોતાના વ્યવહારને અર્થે પાત્ર, ઘરેણાં અને વસ્ત્રાદિક જે વસ્તુ તે માગી લાવવાં નહિ. ॥૧૫૦॥

અને શ્રીકૃષ્ણ ભગવાન તથા પોતાના ગુરુ તથા સાધુ એમના દર્શન કરવાને અર્થે ગયે સતે માર્ગને વિષે પારકું અન્ન ખાવું નહિ. તથા શ્રીકૃષ્ણ ભગવાન તથા પોતાના ગુરૂ તથા સાધુ તેમનાં જે સ્થાનક, તેમને વિષે પણ પારકું અન્ન ખાવું નહિ, કેમ જે, તે પારકું અન્ન તો પોતાના પુણ્યને હરી લે એવું છે. માટે પોતાની ગાંઠનું ખરચ ખાવું. ॥૧૫૧॥

અને પોતાના કામકાજ કરવા તેડ્યા જે મજૂર તેમને જેટલું ધન અથવા ધાન્ય દીધાનું કહ્યું હોય તે પ્રમાણે જ આપવું પણ તેમાંથી ઓછું ન આપવું. અને

પોતા પાસે કોઈ કરજ માગતો હોય અને તે કરજ દઈ ચૂક્યા હોઈએ, તે વાતને છાની ન રાખવી. તથા પોતાનો વંશ તથા કન્યાદાન, તે પણ છાનું ન રાખવું. અને દુષ્ટ એવા જે જન, તેમની સાથે વ્યવહાર ન કરવો. ॥૧૫૨॥

અને જે ઠેકાણે પોતે રહેતા હોઈએ, તે ઠેકાણે કોઈક કઠણ-ભૂંડો કાળ અથવા શત્રુ અથવા રાજા, તેમના ઉપદ્રવે કરીને સર્વ પ્રકારે પોતાની લાજ જતી હોય કે ધનનો નાશ થતો હોય કે પોતાના પ્રાણનો નાશ થતો હોય. ॥૧૫૩॥

અને તે જો પોતાના મૂળ ગરાસનું તથા વતનનું ગામ હોય તો પણ તેનો વિવેકી એવા જે અમારા સત્સંગી ગૃહસ્થ તેમણે તત્કાળ ત્યાગ કરી દેવો અને જ્યાં ઉપદ્રવ ન હોય તેવો જે બીજો દેશ તે પ્રત્યે જઈને સુખેથી રહેવું. ॥૧૫૪॥

અને ધનાઢ્ય એવા જે ગૃહસ્થ સત્સંગી તેમણે હિંસાએ રહિત એવા જે વિષ્ણુ સંબંધી યજ્ઞ તે કરવા. તથા તીર્થને વિષે તથા દ્વાદશી આદિક પર્વને વિષે બ્રાહ્મણ તથા સાધુ તેમને જમાડવા. ॥૧૫૫॥

અને તે ધનાઢ્ય એવા જે ગૃહસ્થ સત્સંગી તેમણે ભગવાનના મંદિરને વિષે મોટા ઉત્સવ કરાવવા તથા સુપાત્ર એવા જે બ્રાહ્મણ તેમને નાના પ્રકારના દાન દેવાં. ॥૧૫૬॥

✤ રાજાના વિશેષ ધર્મ ✤

અને અમારે આશ્રિત એવા જે સત્સંગી રાજા તેમણે ધર્મશાસ્ત્રને આશરીને પોતાના પુત્રની પેઠે પોતાની પ્રજાનું પાલન કરવું અને પૃથ્વીને વિષે ધર્મનું સ્થાપન કરવું. ॥૧૫૭॥

અને તે રાજા તેમણે રાજ્યનાં જે સાત અંગ તથા ચાર ઉપાય તથા છ ગુણ તે જેતે લક્ષણે કરીને યથાર્થપણે જાણવાં અને તીર્થ જે ચાર મોકલ્યાનાં સ્થાનક તથા વ્યવહારના જાણનારા જે સભાસદ તથા દંડવા યોગ્ય જે માણસ તથા દંડવા યોગ્ય નહિ એવા જે માણસ એ સર્વને લક્ષણે કરીને યથાર્થપણે જાણવા. ॥૧૫૮॥

✤ સધવા સ્ત્રીના વિશેષ ધર્મ ✤

હવે સુવાસિની બાઈઓના વિશેષ ધર્મ કહીએ છીએ. અમારે આશ્રિત જે સુવાસિની બાઈઓ, તેમણે પોતાનો પતિ અંધ હોય, રોગી હોય, દરિદ્રી હોય, નપુંસક હોય તો પણ તેને ઈશ્વરની પેઠે સેવવો અને તે પતિ પ્રત્યે કટુ વચન ન બોલવું. ॥૧૫૯॥

અને તે સુવાસિની સ્ત્રીઓ તેમણે રૂપ ને યૌવન તેણે યુક્ત અને ગુણવાન એવો જે અન્ય પુરુષ તેનો પ્રસંગ સહજ સ્વભાવે પણ ન કરવો. ॥૧૬૦॥

અને પતિવ્રતા એવી જે સુવાસિની સ્ત્રીઓ તેમણે પોતાની નાભિ, સાથળ અને છાતી તેને બીજો પુરુષ દેખે એમ ન વર્તવું અને ઓઢ્યાના વસ્ત્ર વિના ઉઘાડે શરીરે ન રહેવું અને ભાંડભવાઈ જોવા ન જવું અને નિર્લજ્જ એવી જે સ્ત્રીઓ તથા સ્વૈરિણી, કામિની અને પુંશ્ચલી એવી જે સ્ત્રીઓ, તેમનો સંગ ન કરવો. ॥૧૬૧॥

અને તે સુવાસિની સ્ત્રીઓ, તેમણે પોતાનો પતિ પરદેશ ગયે સતે આભૂષણ ન ધારવાં, રૂડાં વસ્ત્ર ન પહેરવાં; પારકે ઘેર બેસવા ન જવું અને હાસ્ય-વિનોદાદિકનો ત્યાગ કરવો. ॥૧૬૨॥

❖ વિધવા સ્ત્રીઓના વિશેષ ધર્મ ❖

હવે વિધવા સ્ત્રીઓના વિશેષ ધર્મ કહીએ છીએ. અમારે આશ્રિત જે વિધવા સ્ત્રીઓ તેમણે તો પતિ બુદ્ધિએ કરીને શ્રીકૃષ્ણ ભગવાનને સેવવા અને પોતાના પિતા

પુત્રાદિક જે સંબંધી, તેમની આજ્ઞાને વિષે વર્તવું પણ સ્વતંત્રપણે ન વર્તવું. ॥૧૬૩॥

અને તે વિધવા સ્ત્રીઓ તેમણે પોતાના સમીપ સંબંધ વિનાના જે પુરુષ તેમનો સ્પર્શ ક્યારેય ન કરવો. અને પોતાની યુવાવસ્થાને વિષે અવશ્ય કાર્ય વિના સમીપ સંબંધ વિનાના જે યુવા પુરુષ, તેમની સાથે ક્યારેય પણ બોલવું નહિ. ॥૧૬૪॥

અને ધાવણો જે બાળક, તેના સ્પર્શને વિષે તો જેમ પશુને અડી જવાય અને દોષ નથી તેમ દોષ નથી. અને કોઈ અવશ્યનું કામકાજ પડે તેને વિષે કોઈક વૃધ્ધ પુરુષને અડી જવાય તથા તે વૃધ્ધ સાથે બોલાય તેને વિષે દોષ નથી. ॥૧૬૫॥

અને તે વિધવા સ્ત્રીઓ તેમણે પોતાના સમીપ સંબંધ વિનાના જે પુરુષ, તે થકી કોઈપણ વિદ્યા ન ભણવી. અને વ્રત ઉપવાસે કરીને વારંવાર પોતાના દેહનું દમન કરવું. ॥૧૬૬॥

અને તે વિધવા સ્ત્રીઓ, તેમણે પોતાના ઘરમાં પોતાના જીવનપર્યંત દેહ નિર્વાહ થાય એટલું જ જો ધન હોય તો તે ધન જે તે ધર્મ કાર્યને વિષે પણ ન આપવું અને જો તેથી અધિક હોય તો આપવું. ॥૧૬૭॥

અને વિધવા સ્ત્રીઓ તેમણે એકવાર આહાર કરવો અને પૃથ્વીને વિષે સૂવું અને મૈથુનાસક્ત એવાં જે પશુપક્ષી આદિક જીવ પ્રાણીમાત્ર તેમને ક્યારેય જાણીને જોવા નહીં. ॥૧૬૮॥

અને તે વિધવા સ્ત્રીઓ, તેમણે સુવાસિની સ્ત્રીના જેવો વેષ ન ધારવો તથા સંન્યાસીની તથા વૈરાગણ તેના જેવો વેષ ન ધારવો, અને પોતાના દેશ, કુળ અને આચાર તેને વિરુધ્ધ એવો જે વેષ તે પણ ક્યારેય ન ધારવો. ॥૧૬૯॥

અને ગર્ભની પાડનારી જે સ્ત્રી તેનો સંગ ન કરવો અને તેનો સ્પર્શ પણ ન કરવો; અને પુરુષના

શૃંગારરસ સંબંધી જે વાર્તા, તે ક્યારેય ન કરવી અને ન સાંભળવી. ॥૧૭૦॥

અને યુવા અવસ્થાને વિષે રહી એવી જે વિધવા સ્ત્રીઓ, તેમણે યુવા અવસ્થાવાળા જે પોતાના સંબંધી પુરુષ તેમની સંગાથે પણ એકાંતસ્થળને વિષે આપત્કાળ પડ્યા વિના ન રહેવું. ॥૧૭૧॥

અને હોળીની રમત ન કરવી ને આભૂષણાદિકનું ધારણ ન કરવું અને સુવર્ણાદિક ધાતુના તારે યુક્ત એવાં જે ઝીણાં વસ્ત્ર તેનું ધારણ પણ ક્યારેય ન કરવું. ॥૧૭૨॥

અને સુવાસિની ને વિધવા એવી જે સ્ત્રીઓ તેમણે વસ્ત્ર પહેર્યા વિના નહાવું નહિ અને પોતાનું જે રજસ્વલાપણું તે કોઈ પ્રકારે ગુપ્ત ન રાખવું. ॥૧૭૩॥

અને વળી રજસ્વલા એવી જે સુવાસિની અને વિધવા સ્ત્રીઓ, તે ત્રણ દિવસ સુધી કોઈ મનુષ્યને તથા વસ્ત્રાદિકને અડે નહિ અને ચોથે દિવસે નાહીને અડવું.

(એવી રીતે ગૃહસ્થાશ્રમી એવા જે પુરુષ અને સ્ત્રીઓ તેમના જે આ વિશેષ ધર્મ કહ્યા તે સર્વે ધર્મવંશી આચાર્ય અને તેમની પત્નીઓ તેમણે પણ પાળવા, કેમ કે એ ગૃહસ્થ છે.) ॥૧૭૪॥

❖ બ્રહ્મચારીના વિશેષ ધર્મ ❖

હવે નૈષ્ઠિક બ્રહ્મચારીના જે વિશેષ ધર્મ તે કહીએ છીએ. અમારે આશ્રિત એવા જે નૈષ્ઠિક બ્રહ્મચારી તેમણે સ્ત્રીમાત્રનો સ્પર્શ ન કરવો. અને સ્ત્રીઓ સંગાથે બોલવું નહિ, અને જાણીને તે સ્ત્રીઓ સન્મુખ જોવું નહિ. ॥૧૭૫॥

અને તે સ્ત્રીઓની વાર્તા ક્યારેય ન કરવી. અને ન સાંભળવી, અને જે સ્થાનકને વિષે સ્ત્રીઓનો પગ ફેર હોય, તે સ્થાનકને વિષે સ્નાનાદિક ક્રિયા કરવા ન જવું. ॥૧૭૬॥

અને દેવતાની પ્રતિમા વિના બીજી જે સ્ત્રીની પ્રતિમા, ચિત્રની અથવા કાષ્ઠાદિકની હોય તેનો સ્પર્શ ન કરવો, અને જાણીને તો તે પ્રતિમાને જોવી પણ નહિ. ॥૧૭૭॥

અને તે નૈષ્ઠિક બ્રહ્મચારી તેમણે સ્ત્રીની પ્રતિમા ન કરવી, અને સ્ત્રીએ પોતાના શરીર ઉપર ધારેલું જે વસ્ત્ર તેને અડવું નહિ. અને મૈથુનાસક્ત એવાં જે પશુ-પક્ષી આદિક પ્રાણીમાત્ર, તેમને જાણીને જોવા નહિ. ॥૧૭૮॥

અને સ્ત્રીના વેષને ધરી રહ્યો એવો જે પુરુષ તેને અડવું નહિ. અને તેની સામું જોવું નહિ. અને તે સાથે બોલવું નહિ. અને સ્ત્રીનો ઉદ્દેશ કરીને ભગવાનની કથા, વાર્તા, કીર્તન પણ ન કરવાં. ॥૧૭૯॥

અને તે નૈષ્ઠિક બ્રહ્મચારી. તેમણે પોતાના બ્રહ્મચર્યવ્રતનો ત્યાગ થાય એવું જે વચન તે તો પોતાના ગુરુનું પણ ન માનવું ને સદાકાળ ધીરજવાન રહેવું અને સંતોષે યુક્ત રહેવું ને માને રહિત રહેવું. ॥૧૮૦॥

અને બળાત્કારે કરીને પોતાને અતિશય સમીપે આવતી એવી જે સ્ત્રી તેને બોલીને અથવા તિરસ્કાર કરીને પણ તુરત વારવી, પણ સમીપે આવવા દેવી નહિ. ॥૧૮૧॥

અને જો ક્યારેક સ્ત્રીઓનો અથવા પોતાનો પ્રાણ નાશ થાય, એવો આપત્કાળ આવી પડે, ત્યારે તો તે સ્ત્રીઓને અડીને અથવા તે સાથે બોલીને પણ તે સ્ત્રીઓની રક્ષા કરવી અને પોતાની પણ રક્ષા કરવી. ॥૧૮૨॥

અને તે નૈષ્ઠિક બ્રહ્મચારી તેમણે પોતાને શરીરે તૈલમર્દન ન કરવું ને આયુધ ન ધારવું, ને ભયંકર એવો જે વેષ તે ન ધારવો અને રસના ઈન્દ્રિયને જીતવી. ॥૧૮૩॥

અને જે બ્રાહ્મણના ઘરને વિષે સ્ત્રી પીરસનારી હોય, તેને ઘેર ભિક્ષા કરવા જવું નહિ ને જ્યાં પુરુષ પીરસનારો હોય ત્યાં જવું. ॥૧૮૪॥

અને તે નૈષ્ઠિક બ્રહ્મચારી, તેમણે વેદશાસ્ત્રનો અભ્યાસ કરવો, ને ગુરુની સેવા કરવી. ને સ્ત્રીઓની પેઠે જ સ્ત્રૈણ પુરુષનો સંગ, જે તે સર્વકાળે વર્જવો. ॥૧૮૫॥

અને જાતિએ કરીને જે બ્રાહ્મણ હોય, તે કોઈએ પણ ચર્મવારિ ન પીવું ને ડુંગળી ને લસણ આદિક જે અભક્ષ્ય વસ્તુ તે બ્રાહ્મણ જાતિ હોય તેણે કોઈ પ્રકારે ન ખાવી. ॥૧૮૬॥

અને જે બ્રાહ્મણ હોય તેણે સ્નાન, સંધ્યા ગાયત્રીનો જપ, શ્રીવિષ્ણુની પૂજા અને વૈશ્વદેવ એટલા વાના કર્યા વિના ભોજન કરવું જ નહિ. (એવી રીતે નૈષ્ઠિક બ્રહ્મચારીના વિશેષ ધર્મ કહ્યા.) ॥૧૮૭॥

❖ સાધુના વિશેષ ધર્મ ❖

હવે સાધુના જે વિશેષ ધર્મ તે કહીએ છીએ. અમારે આશ્રિત જે સર્વે સાધુ તેમણે નૈષ્ઠિક બ્રહ્મચારીની

પેઠે સ્ત્રીઓનાં દર્શન-ભાષણાદિક પ્રસંગનો ત્યાગ કરવો તથા સ્ત્રૈણ પુરુષના પ્રસંગાદિકનો ત્યાગ કરવો, અને અંતઃ શત્રુ જે કામ, ક્રોધ, લોભ અને માન આદિક તેમને જીતવા. ॥૧૮૮॥

અને સર્વે જે ઈન્દ્રિયો તે જીતવી ને રસના ઈન્દ્રિયને તો વિશેષે કરીને જીતવી. અને દ્રવ્યનો સંગ્રહ પોતે કરવો નહિ ને કોઈ બીજા પાસે પણ કરાવવો નહિ. ॥૧૮૯॥

અને કોઈની થાપણ ન રાખવી અને ક્યારેય પણ ધીરજતાનો ત્યાગ ન કરવો અને પોતાના ઉતારાની જાયગા બંધિની હોય તો તેને વિષે ક્યારેય પણ સ્ત્રીનો પ્રવેશ થવા દેવો નહિ. ॥૧૯૦॥

અને તે સાધુ તેમણે, આપત્કાળ પડ્યા વિના રાત્રીને વિષે સંઘસોબત વિનાનું ચાલવું નહિ તથા આપત્કાળ પડ્યા વિના ક્યારેય પણ એકલા ચાલવું નહિ. ॥૧૯૧॥

અને જે વસ્ત્ર બહુ મૂલ્યવાળું હોય તથા ચિત્ર વિચિત્ર ભાતનું હોય, તથા કસુંબાદિક જે રંગ તેણે કરીને રંગેલું હોય તથા શાલ-દુશાલા હોય ને તે જો બીજાની ઈચ્છાએ કરીને પોતાને પ્રાપ્ત થયું હોય, તો પણ તે વસ્ત્ર પોતાને પહેરવું-ઓઢવું નહિ. ॥૧૯૨॥

અને ભિક્ષા તથા સભાપ્રસંગ એ બે કાર્ય વિના ગૃહસ્થના ઘર પ્રત્યે જવું નહિ. અને ભગવાનની જે નવ પ્રકારની ભક્તિ તે વિના વ્યર્થ કાળ નિર્ગમવો નહિ, નિરંતર ભક્તિ કરીને જ કાળ નિર્ગમવો. ॥૧૯૩॥

અને જે ગૃહસ્થના ઘરને વિષે રાંધેલ અન્નનો પીરસનારો પુરુષ જ હોય તથા સ્ત્રીઓનો દર્શનાદિક પ્રસંગ કોઈ રીતે થાય એમ ન હોય. ॥૧૯૪॥

તેવી રીતનું જે ગૃહસ્થનું ઘર તે પ્રત્યે અમારા સાધુ તેમણે જમવા જવું અને એ કહ્યું તેવું ન હોય તો કાચું અન્ન માગીને પોતાના હાથે રસોઈ કરવી ને ભગવાનને નૈવેદ્ય ધરીને જમવું. ॥૧૯૫॥

અને પૂર્વે ઋષભદેવ ભગવાનના પુત્ર જે ભરતજી તે જે તે પૃથ્વીને વિષે જડ બ્રાહ્મણ થકા જેમ વર્તતા હવા તેમ જ પરમહંસ એવા જે અમારા સાધુ તેમણે વર્તવું. ॥૧૯૬॥

અને નૈષ્ઠિક બ્રહ્મચારી ને એ સાધુ તેમણે તાંબુળ તથા અફીણ તથા તમાકુ ઈત્યાદિકનું જે ભક્ષણ તે જતને કરીને વર્જવું. ॥૧૯૭॥

અને તે નૈષ્ઠિક બ્રહ્મચારી ને સાધુ તેમણે ગર્ભાધાન આદિક જે સંસ્કાર તેમને વિષે જમવું નહિ તથા એકાદશાહ પર્યંત જે પ્રેતશ્રાદ્ધ તેમને વિષે જમવું નહિ તથા દ્વાદશાહ શ્રાદ્ધને વિષે જમવું નહિ. ॥૧૯૮॥

અને રોગાદિક આપત્કાળ પડ્યા વિના દિવસે સુવું નહિ અને ગ્રામ્યવાર્તા કરવી નહિ ને જાણીને સાંભળવી નહિ. ॥૧૯૯॥

અને તે નૈષ્ઠિક બ્રહ્મચારી ને સાધુ તેમણે રોગાદિક આપત્કાળ પડ્યા વિના ખાટલા ઉપર સૂવું નહિ, અને સાધુની આગળ તો નિરંતર નિષ્કપટપણે વર્તવું. ॥૨૦૦॥

અને તે સાધુ અને બ્રહ્મચારી તેમણે કોઈક કુમતિવાળા દુષ્ટજન હોય, ને તે પોતાને ગાળ દે અથવા મારે તો તે સહન જ કરવું, પણ તેને સામી ગાળ ન દેવી ને મારવો નહિ, અને તેનું જેમ હિત થાય તેમજ મનમાં ચિંતવન કરવું, પણ તેનું ભુંડુ થાય એવો તો સંકલ્પ પણ ન કરવો. ॥૨૦૧॥

અને કોઈનું દૂતપણું ન કરવું તથા ચાડિયાપણું ન કરવું ને કોઈના ચારચક્ષુ ન થવું અને દેહને વિષે અહંબુદ્ધિ ન કરવી ને સ્વજનાદિકને વિષે મમતા ન કરવી (એવી રીતે સાધુના વિશેષ ધર્મ કહ્યાં). ॥૨૦૨॥

અને અમારે આશ્રિત એવા જે સત્સંગી બાઈભાઈ સર્વે તેમના જે સામાન્ય ધર્મ અને વિશેષ ધર્મ તે જે તે

સંક્ષેપે કરીને આવી રીતે અમે લખ્યા છે અને આ ધર્મનો જે વિસ્તાર તે તો અમારા સંપ્રદાયના જે ગ્રંથ તે થકી જાણવો. ॥૨૦૩॥

અને સર્વે જે સચ્છાસ્ત્ર તેનો જે સાર તેને અમે અમારી બુદ્ધિએ કરીને ઉદ્ધારીને આ શિક્ષાપત્રી જે તે લખી છે તે કેવી છે - તો સર્વે મનુષ્યમાત્રને મનવાંછિત ફળની દેનારી છે. ॥૨૦૪॥

એ હેતુ માટે અમારા આશ્રિત જે સર્વે સત્સંગી તેમણે સાવધાનપણે કરીને નિત્યપ્રત્યે આ શિક્ષાપત્રીને અનુસરીને જ વર્તવું. પણ પોતાના મનને જાણે તો ક્યારેય ન વર્તવું. ॥૨૦૫॥

અને જે અમારા આશ્રિત પુરુષ ને સ્ત્રીઓ તે જે તે આ શિક્ષાપત્રી પ્રમાણે વર્તશે, તો તે ધર્મ, અર્થ, કામ ને મોક્ષ એ ચાર પુરુષાર્થની સિદ્ધિને નિશ્ચય પામશે. ॥૨૦૬॥

અને જે બાઈ-ભાઈ, આ શિક્ષાપત્રી પ્રમાણે નહિ વર્તે તે તો અમારા સંપ્રદાય થકી બાહેર છે એમ અમારા સંપ્રદાયવાળા સ્ત્રી-પુરુષ તેમણે જાણવું ॥૨૦૭॥

અને અમારા જે આશ્રિત સત્સંગી તેમણે આ શિક્ષાપત્રીનો નિત્યપ્રત્યે પાઠ કરવો અને જેને ભણતાં આવડતું ન હોય તેમણે તો આદર થકી આ શિક્ષાપત્રીનું શ્રવણ કરવું. ॥૨૦૮॥

અને આ શિક્ષાપત્રીને વાંચી સંભળાવે એવો કોઈ ન હોય ત્યારે તો નિત્યપ્રત્યે આ શિક્ષાપત્રીની પૂજા કરવી અને આ જે અમારી વાણી તે અમારું સ્વરૂપ છે એ રીતે પરમ આદર થકી માનવી. ॥૨૦૯॥

અને આ જે અમારી શિક્ષાપત્રી તે જે તે દૈવીસંપદાએ કરીને યુક્ત એવો જે જન હોય, તેને આપવી અને જે જન આસુરી સંપદાએ કરીને યુક્ત હોય, તેને તો ક્યારેય ન આપવી. ॥૨૧૦॥

સંવત ૧૮૮૨ અઢારસો બ્યાસીનાં મહાસુદી પંચમીને દિવસે આ શિક્ષાપત્રી અમે લખી છે. તે પરમ કલ્યાણકારી છે. ॥૨૧૧॥

निजाश्रितानां सकलार्तिहन्ता सधर्मभक्तेरवनं विधाता ।
दाता सुखानां मनसेप्सितानां तनोतु कृष्णोऽखिलमङ्गलं नः ॥૨૧૨॥

અને પોતાના આશ્રિત જે ભક્તજન તેમની જે સમગ્ર પીડા તેના નાશ કરનારા એવા ને ધર્મે સહિત જે ભક્તિ તેની રક્ષાના કરનારા એવા ને પોતાના ભક્તજનને મનવાંછિત સુખના આપનારા એવા જે શ્રીકૃષ્ણ ભગવાન, તે જે તે અમારા સમગ્ર મંગલને વિસ્તારો. ॥૨૧૨॥

ઇતિ શ્રીસહજાનંદસ્વામી શિષ્ય નિત્યાનંદમુનિ લિખિતા શિક્ષાપત્રીટીકા સમાપ્તા ॥

જનમંગલ નામાવલિ

૧.	ૐ શ્રીકૃષ્ણાય નમઃ ।	ભક્તોના ચિત્તને પોતાની મૂર્તિમાં આકર્ષણ કરનારા.
૨.	ૐ શ્રી વાસુદેવાય નમઃ ।	વિશુદ્ધ અંતઃકરણમાં આવિર્ભાવ પામનારા.
૩.	ૐ નરનારાયણાય નમઃ ।	નર સહિત નારાયણ.
૪.	ૐ પ્રભવે નમઃ ।	સર્વશક્તિમાન.
૫.	ૐ ભક્તિધર્માત્મજાય નમઃ।	ભક્તિ ધર્મના પુત્ર.
૬.	ૐ અજન્મને નમઃ ।	માયિક જન્મ વગરના.
૭.	ૐ કૃષ્ણાય નમઃ ।	કૃષ્ણ.
૮.	ૐ નારાયણાય નમઃ ।	નારાયણ.
૯.	ૐ હરયે નમઃ ।	હરિ.
૧૦.	ૐ હરિકૃષ્ણાય નમઃ ।	હરિકૃષ્ણ.
૧૧.	ૐ ઘનશ્યામાય નમઃ ।	મેઘ જેવા શ્યામ વર્ણવાળા.
૧૨.	ૐ ધાર્મિકાય નમઃ ।	ધર્મનું આચરણ કરનારા, ધર્મપુત્ર.
૧૩.	ૐ ભક્તિનંદનાય નમઃ ।	ભક્તિદેવીના પુત્ર.
૧૪.	ૐ બૃહદ્વ્રતધરાય નમઃ ।	નૈષ્ઠિક બ્રહ્મચર્યવ્રત રાખનારા.
૧૫.	ૐ શુદ્ધાય નમઃ ।	શુદ્ધસ્વરૂપ.

૧૬. ૐ રાધાકૃષ્ણેષ્ટદૈવતાય નમઃ।	રાધાકૃષ્ણને ઈષ્ટદેવ તરીકે માનનારા.
૧૭. ૐ મરુત્સુતપ્રિયાય નમઃ।	વાયુપુત્ર હનુમાનજીને અતિપ્રિય.
૧૮. ૐ કાલીભૈરવાદ્યતિભીષણાય-નમઃ।	કાળભૈરવ વિગેરે તમોગુણી દેવતાઓને ભયંકર દેખાતા.
૧૯. ૐ જીતેન્દ્રિયાય નમઃ।	સર્વ ઈન્દ્રિયોને વશ કરનાર.
૨૦. ૐ જીતાહારાય નમઃ।	આહાર ઉપર જીત મેળવનાર.
૨૧. ૐ તીવ્રવૈરાગ્યાય નમઃ।	ગૃહસંસારથીઅતિવૈરાગ્યપામેલા.
૨૨. ૐ આસ્તિકાય નમઃ ।	સર્વત્ર દરેકનું રક્ષણ કરનાર એક ભગવાનજ છે એવા વિશ્વાસવાળા.
૨૩. ૐ યોગેશ્વરાય નમઃ ।	યોગીઓનાં પણ ઈશ્વર.
૨૪. ૐ યોગકલાપ્રવૃત્તયે નમઃ ।	અષ્ટાંગયોગ સાધનારા.
૨૫. ૐ અતિધૈર્યવતે નમઃ।	અત્યંત ધીરજવાળા.
૨૬. ૐ જ્ઞાનિને નમઃ।	યથાર્થ જ્ઞાનવાળા.
૨૭. ૐ પરમહંસાય નમઃ।	ઉત્તમપ્રકારેયોગીનાધર્મનેપાળનારા.
૨૮. ૐ તીર્થકૃતે નમઃ ।	તીર્થમાં વિચરનારા.
૨૯. ૐ તૈર્થિકાર્ચિતાય નમઃ।	તીર્થવાસીઓએ પૂજેલા.
૩૦. ૐ ક્ષમાનિધયે નમઃ।	જીવોનાઅપરાધોનેસહનકરનારા.
૩૧. ૐ સદોન્નિદ્રાય નમઃ।	નિરંતર નિદ્રાએ રહિત.

૩૨. ૐ ધ્યાનનિષ્ઠાય નમઃ । સ્વ સ્વરૂપનું ધ્યાન કરવાવાળા.

૩૩. ૐ તપઃ પ્રિયાય નમઃ । તપ જેમને વહાલું છે તે.

૩૪. ૐ સિદ્ધેશ્વરાય નમઃ। સિદ્ધપુરૂષોને ઈશ્વર રૂપે દર્શન દેનારા.

૩૫. ૐ સ્વતંત્રાય નમઃ। સ્વતંત્ર,કોઈને પણ આધીન નહિ.

૩૬. ૐ બ્રહ્મવિદ્યાપ્રવર્તકાય નમઃ । બ્રહ્મરૂપથવાની વિદ્યાપ્રવર્તાવનાર.

૩૭. ૐ પાષંડોચ્છેદનપટવે નમઃ । વેદથીવિરુદ્ધએવાપાખંડમતનેઉખેડી નાખવામાં ચતુર.

૩૮. ૐ સ્વસ્વરૂપાચલસ્થિતયે નમઃ । પોતાના સ્વરૂપમાં અચળપણે રહેનારા.

૩૯. ૐ પ્રશાન્તમૂર્તયે નમઃ। શાંત સ્વરૂપવાળા.

૪૦. ૐ નિર્દોષાય નમઃ। માયિક દોષ રહિત.

૪૧. ૐ અસુરગુર્વાદિમોહનાય નમઃ। અસુર ગુરૂ આદિકને મોહ પમાડનાર.

૪૨. ૐ અતિકારુણ્યનયનાય નમઃ। અતિ કરુણામય દષ્ટિવાળા.

૪૩. ૐ ઉદ્ધવાધ્વપ્રવર્તકાય નમઃ। ઉદ્ધવ સંપ્રદાય પ્રવર્તાવનારા.

૪૪. ૐ મહાવ્રતાય નમઃ । સત્ય, અહિંસા, બ્રહ્મચર્ય વિગેરે મહાવ્રતને ધારણ કરનારા.

૪૫. ૐ સાધુશીલાય નમઃ। પવિત્ર આચરણવાળા.

૪૬. ૐ સાધુવિપ્રપ્રપૂજકાય નમઃ। સાધુઅનેબ્રાહ્મણોનીપૂજાકરનારા.

૪૭. ૐ અહિંસયજ્ઞપ્રસ્તોત્રે નમઃ। અહિંસક યજ્ઞનું શાસ્ત્ર-પ્રમાણોથી સ્થાપન કરનારા.

૪૮. ૐ સાકારબ્રહ્મવર્ણનાય નમઃ। 'પરબ્રહ્મ પરમાત્મા સદા સાકાર છે' એવો ઉપદેશ આપનારા.

૪૯. ૐ સ્વામિનારાયણાય નમઃ। સર્વવિશ્વમાંવ્યાપીનેસર્વનુંનિયમન કરનારા.

૫૦. ૐ સ્વામિને નમઃ। સર્વ ઐશ્વર્ય સંપન્ન, સર્વના સ્વામી.

૫૧. ૐ કાલદોષનિવારકાય નમઃ। કળિયુગના લોભાદિક દોષોને ભક્તોના હૃદયમાંથી દૂર કરનારા.

૫૨. ૐ સચ્છાસ્ત્રવ્યસનાય નમઃ। વેદાદિક આઠ સત્શાસ્ત્રોનું શ્રવણ કરવાના વ્યસનવાળા.

૫૩. ૐસદ્યઃસમાધિસ્થિતિકારકાય-નમઃ। અષ્ટાંગયોગના સાધનકરાવ્યા સિવાય પોતાના પ્રતાપથી દરેકને તત્કાળ સમાધિમાં સ્થિતિ કરાવનારા.

૫૪. ૐ કૃષ્ણાર્ચાસ્થાપનકરાય નમઃ। નરનારાયણ, લક્ષ્મીનારાયણ, ગોપીનાથઆદિકકૃષ્ણભગવાનની પ્રતિમાઓની પ્રતિષ્ઠા કરનારા.

૫૫. ૐ કૌલદ્વિષે નમઃ। વામમાર્ગનું ખંડન કરનારા.

૫૬. ૐ કલિતારકાય નમઃ। કળિયુગના પ્રવાહમાંથી અનેકને તારનારા.

૫૭. ૐ પ્રકાશરૂપાય નમઃ। અત્યંત તેજસ્વી રૂપવાળા.

૫૮. ૐ નિર્દંભાય નમઃ। બીજાને ઠગવા માટે ધર્મ ભક્તિનો આડંબર નહિ બતાવનારા.

૫૯. ૐ સર્વજીવહિતાવહાય નમઃ। દરેક જીવ પ્રાણીમાત્રનું હિત કરનારા.

૬૦. ૐ ભક્તિસંપોષકાય નમઃ। નવધા ભક્તિનું પોષણ કરનારા.

૬૧. ૐ વાગ્મિને નમઃ। મધુર હિતવાણીને બોલનારા.

૬૨. ૐ ચતુર્વર્ગફલપ્રદાય નમઃ। ધર્મ, અર્થ, કામ અને મોક્ષરૂપી ફળ આપનારા.

૬૩. ૐ નિર્મત્સરાય નમઃ। મત્સર વગરના.

૬૪. ૐ ભક્તવર્મણે નમઃ। ભક્તોનું બખ્તરની માફક રક્ષણ કરનારા.

૬૫. ૐ બુદ્ધિદાત્રે નમઃ। સદ્‌બુદ્ધિ દેનારા.

૬૬. ૐ અતિપાવનાય નમઃ। દરેકને પવિત્ર કરનારા.

૬૭. ૐ અબુદ્ધિઘ્નતે નમઃ। અજ્ઞાનને હરનારા.

૬૮. ૐ બ્રહ્મધામદર્શકાય નમઃ। ભક્તજનોનેઅક્ષરધામદેખાડનારા.

૬૯. ૐ અપરાજીતાય નમઃ। કોઈથી પણ પરાજય નહિ પામતા.

૭૦. ૐ આસમુદ્રાન્તસત્કીર્તયે-નમઃ। સમુદ્રપર્યંતજેમનીસત્કીર્તિફેલાયેલી છે તે.

૭૧. ૐ શ્રિતસંસૃતિમોચનાય નમઃ। શરણે આવેલાને જન્મ મરણ રૂપી સંસૃતિથી છોડાવનાર.

૭૨. ૐ ઉદારાય નમઃ। દાનશૂર-ઉદારતાથી દાન કરનારા.

૭૩. ૐ સહજાનંદાય નમઃ। પોતાના ભક્તોને સહેજે આનંદ આપનારા.

૭૪. ૐ સાધ્વીધર્મપ્રવર્તકાય નમઃ। પતિવ્રતાસ્ત્રીઓનાધર્મપ્રવર્તાવનારા.

૭૫. ૐ કંદર્પદર્પદલનાય નમઃ। કામદેવના ગર્વનો નાશ કરનારા.

૭૬. ૐ વૈષ્ણવક્રતુકારકાય નમઃ। વૈષ્ણવ(અહિંસામય)યજ્ઞોકરનારા.

૭૭. ૐ પંચાયતનસન્માનાય નમઃ। વિષ્ણુ, શિવ, ગણપતિ, પાર્વતી અને સૂર્ય આ પાંચદેવોનું પૂજ્યપણે પ્રતિપાદન કરનારા.

૭૮. ૐ નૈષ્ઠિકવ્રતપોષકાય નમઃ। નૈષ્ઠિકબ્રહ્મચર્યવ્રતનુંપોષણકરનારા.

૭૯. ૐ પ્રગલ્ભાય નમઃ। પંડિતોનીસભામાંપ્રભાવપાડનારા.

૮૦. ૐ નિઃસ્પૃહાય નમઃ। કોઈપણ પદાર્થની સ્પૃહા નહિ રાખનારા.

૮૧. ૐ સત્યપ્રતિજ્ઞાય નમઃ। પ્રતિજ્ઞાનું પાલન કરનારા.

૮૨. ૐ ભક્તવત્સલાય નમઃ। ભક્તોઉપરઅતિશયવાત્સલ્યભાવ રાખનારા.

૮૩. ૐ અરોષણાય નમઃ। કોઈના ઉપર,(અપકાર કરનારા ઉપર પણ)રોષ નહીં કરનારા.

૮૪. ૐ દીર્ઘદર્શિને નમઃ। સર્વ ક્રિયામાં પૂર્વાપરનું અનુસંધાન રાખનાર.

૮૫. ૐ ષડૂર્મિવિજયક્ષમાય નમઃ। શોક, મોહ, ક્ષુધા, તૃષા, જરા, અને મૃત્યુ આ ૬ ઉર્મિઓને જીતનારા.

૮૬. ૐ નિરહંકૃતયે નમઃ। કોઈપણ પ્રકારનો અહંકાર નહિ રાખનારા.

૮૭. ૐ અદ્રોહાય નમઃ। કોઈને વિષે પણ દ્રોહવૃત્તિ નહિ રાખનારા.

૮૮. ૐ ઋજવે નમઃ। સરળ સ્વભાવવાળા.

૮૯. ૐ સર્વોપકારકાય નમઃ। સર્વજનો ઉપર ઉપકાર કરવાવાળા.

૯૦. ૐ નિયામકાય નમઃ। સર્વના નિયામક.

૯૧. ૐ ઉપશમસ્થિતયે નમઃ। સર્વ ઈન્દ્રિયોની ક્રિયામાં ઉપશમ સ્થિતિને પામેલા.

૯૨. ૐ વિનયવતે નમઃ। વિવેકવાળા.

૯૩. ૐ ગુરવે નમઃ। સર્વના અજ્ઞાનને હરનારા.

૯૪. ૐ અજાતવૈરિણે નમઃ। જેના મનમાં કોઈને વિષે પણ શત્રુ ભાવ નથી.

૯૫. ૐ નિર્લોભાય નમઃ। લોભ વગરના.

૯૬. ૐ મહાપુરૂષાય નમઃ। મહાપુરૂષના સર્વલક્ષણોથીયુક્ત.

૯૭. ૐ આત્મદાય નમઃ। એકાંતિક ભક્તોને આત્મ-સ્વરૂપ સુદ્ધા આપી દેનારા.

૯૮. ૐ અખંડિતાર્ષમર્યાદાય નમઃ। ઋષિમુનિઓએ બાંધેલી ધર્મ મર્યાદાનો ક્યારેય ભંગ નહિ કરનારા.

૯૯. ૐ વ્યાસસિદ્ધાન્તબોધકાય નમઃ। વ્યાસજીના સિદ્ધાંતોનો ઉપદેશ કરનારા.

૧૦૦. ૐ મનોનિગ્રહયુક્તિજ્ઞાય નમઃ। મનને વશ કરવાની યુક્તિ જાણનારા.

૧૦૧. ૐ યમદૂતવિમોચકાય નમઃ। યમનાદૂતથીભક્તોનેછોડાવનારા.

૧૦૨. ૐ પૂર્ણકામાય નમઃ। જેમનાસર્વેસંકલ્પોસંપૂર્ણથયાછે.

૧૦૩. ૐ સત્યવાદિને નમઃ।	સદા સત્ય જ બોલનારા.
૧૦૪. ૐ ગુણગ્રાહિણે નમઃ।	દત્તાત્રેયની માફક દરેકમાંથી ગુણ ગ્રહણ કરવાવાળા.
૧૦૫. ૐ ગતસ્મયાય નમઃ।	જેને કંઈપણ આશ્ચર્ય જેવું નથી, બધું જ સહજ સિદ્ધ છે છતાં ગર્વ રહિત.
૧૦૬. ૐ સદાચારપ્રિયતરાય નમઃ।	સદાચાર પાળવામાં અત્યંત પ્રીતિવાળા.
૧૦૭. ૐ પુણ્યશ્રવણકીર્તનાય નમઃ।	જેમની કથા વાર્તાનું શ્રવણ તથા ગુણકર્મ નામોનું કીર્તન સર્વને પાવનકારી છે.
૧૦૮. ૐ સર્વમંગલસદ્રૂપનાના-ગુણવિચેષ્ટિતાય નમઃ।	જેમનું ઉત્તમ સ્વરૂપ અને સદ્‌ગુણો અને દિવ્ય ચરિત્રો સર્વજનોનું કલ્યાણ કરનારા છે.

॥ ઇતિ શ્રી જનમંગલ નામાવલિ સમાપ્ત ॥

જનમંગલ સ્તોત્રમ્

નમોનમઃ શ્રીહરયે બુદ્ધિદાય દયાવતે ।
ભક્તિધર્માંગજાતાય ભક્તકલ્પદ્રુમાય ચ ॥૧॥
સુગંધપુષ્પહારદ્યૈ ર્વિવિધૈરુપહારકૈઃ ।
સંપૂજીતાય ભક્તૌઘૈઃ સિતામ્બરધરાય ચ ॥૨॥
નામ્નામષ્ટોત્તરશતં ચતુર્વર્ગમભીપ્સતામ્ ।
સદ્યઃફલપ્રદં નૃણાં તસ્ય વક્ષ્યામિ સત્પતેઃ ॥૩॥
અસ્ય શ્રીજનમંગલાખ્યસ્ય શ્રીહર્યષ્ટોત્તરશતનામ ।
સ્તોત્રમન્ત્રસ્ય શતાનન્દ ઋષિઃ અનુષ્ટુપ છંદઃ ।
ધર્મનન્દનઃ શ્રીહરિર્દેવતા । ધાર્મિક ઈતિ બીજમ્ ।
બૃહદ્વ્રતધર ઈતિ શક્તિઃ ।
ભક્તિનંદન ઈતિ કીલકમ્ ।
ચતુર્વર્ગસિદ્ધયર્થે જપે વિનિયોગઃ ॥

અથ ધ્યાનમ્

વર્ણિવેષરમણીયદર્શનં, મન્દહાસરુચિરાનનામ્બુજમ્ ।
પૂજિતં સુરનરોત્તમૈર્મુદા, ધર્મનંદનમહં વિચિન્તયે ॥૪॥
શ્રીકૃષ્ણઃ શ્રીવાસુદેવો, નરનારાયણઃ પ્રભુઃ ।
ભક્તિધર્માત્મજોઽજન્મા કૃષ્ણો નારાયણો હરિઃ ॥૫॥
હરિકૃષ્ણો ઘનશ્યામો, ધાર્મિકો ભક્તિનન્દનઃ ।
બૃહદ્વ્રતધરઃ શુદ્ધો, રાધાકૃષ્ણેષ્ટદૈવતઃ ॥૬॥
મરુત્સુતપ્રિયઃ કાલીભૈરવાદ્યતિભીષણઃ ।
જિતેન્દ્રિયો જિતાહારસ્તીવ્રવૈરાગ્ય આસ્તિકઃ ॥૭॥
યોગેશ્વરો યોગકલાપ્રવૃત્તિરતિધૈર્યવાન્ ।
જ્ઞાની પરમહંસશ્ચ તીર્થકૃત્તૌર્થિકાર્ચિતઃ ॥૮॥
ક્ષમાનિધિઃ સદોન્નિદ્રો, ધ્યાનનિષ્ઠસ્તપઃપ્રિયઃ ।
સિદ્ધેશ્વરઃસ્વતંત્રશ્ચ, બ્રહ્મવિદ્યાપ્રવર્તકઃ ॥૯॥

પાખંડોચ્છેદનપટુઃ સ્વસ્વરૂપાચલસ્થિતિઃ ।
પ્રશાન્તમૂર્તિનિર્દોષોઽસુરગુર્વાદિમોહનઃ ॥૧૦॥
અતિકારુણ્યનયન, ઉદ્ધવાધ્વપ્રવર્તકઃ ।
મહાવ્રતઃ સાધુશીલઃ સાધુવિપ્રપ્રપૂજકઃ ॥૧૧॥
અહિંસયજ્ઞપ્રસ્તોતા સાકારબ્રહ્મવર્ણનઃ ।
સ્વામિનારાયણઃ સ્વામી કાલદોષનિવારકઃ ॥૧૨॥
સચ્છાસ્ત્રવ્યસનઃ સદ્યઃસમાધિસ્થિતિકારકઃ ।
કૃષ્ણાર્ચાસ્થાપનકરઃ કૌલદ્વિટ્ કલિતારકઃ ॥૧૩॥
પ્રકાશરૂપોનિર્દંભઃ સર્વજીવહિતાવહઃ ।
ભક્તિસમ્પોષકોવાગ્મી, ચતુર્વર્ગફલપ્રદઃ ॥૧૪॥
નિર્મત્સરો ભક્તવર્મા, બુદ્ધિદાતાઽતિપાવનઃ ।
અબુદ્ધિમદ્ બ્રહ્મધામદર્શકશ્ચાપરાજિતઃ ॥૧૫॥
આસમુદ્રાન્તસત્કીર્તિઃ, શ્રિતસંસૃતિમોચનઃ ।
ઉદારઃ સહજાનંદઃ, સાધ્વીધર્મપ્રવર્તકઃ ॥૧૬॥

કન્દર્પદર્પદલનો, વૈષ્ણવકતુકારકઃ ।
પંચાયતનસન્માનો, નૈષ્ઠિકવ્રતપોષકઃ ॥૧૭॥
પ્રગલ્ભો નિઃસ્પૃહઃ સત્ય પ્રતિજ્ઞો ભક્તવત્સલઃ।
અરોષણોદીર્ઘદર્શી, ષડૂર્મિવિજયક્ષમઃ ॥૧૮॥
નિરહંકૃતિરદ્રોહઃ ઋજુઃ સર્વોપકારકઃ ।
નિયામકશ્ચોપશમસ્થિતિર્વિનયવાનગુરુઃ ॥૧૯॥
અજાતવૈરી નિર્લોભો, મહાપુરુષ આત્મદઃ ।
અખંડિતાર્ષમર્યાદો,વ્યાસસિદ્ધાન્તબોધકઃ ॥૨૦॥
મનોનિગ્રહયુક્તિજ્ઞો, યમદૂતવિમોચકઃ ।
પૂર્ણકામઃ સત્યવાદી ગુણગ્રાહી ગતસ્મયઃ ॥૨૧॥
સદાચારપ્રિયતરઃ, પુણ્યશ્રવણકીર્તનઃ ।
સર્વમંગલસદ્રુપ, નાનાગુણવિચેષ્ટિતઃ ॥૨૨॥
ઈત્યેતત્પરમં સ્ત્રોત્રં જનમંગલસંજ્ઞિતમ્ ।
યઃ પઠેત્તેન પઠિતં, ભવેદ્વૈ સર્વમંગલમ્ ॥૨૩॥

યઃ પઠેચ્છૃણુયાદ્ભક્ત્યા, ત્રિકાલં શ્રાવયેચ્ચવા ।
એતત્તસ્ય તું પાપાનિ નશ્યેયુઃ કિલ સર્વશઃ ॥૨૪॥
એતત્સંસેવમાનાનાં, પુરુષાર્થચતુષ્ટયે ।
દુર્લભં નાસ્તિકિમપિ હરિકૃષ્ણ પ્રસાદતઃ ॥૨૫॥
ભૂતપ્રેતપિશાચાનાં, ડાકિનીબ્રહ્મરક્ષસામ્ ।
યોગિનીનાં તથા બાલગ્રહાદીનામુપદ્રવઃ ॥૨૬॥
અભિચારો રિપુકૃતો, રોગશ્ચાન્યોપ્યુપદ્રવઃ ।
અયુતાવર્તનાદસ્ય, નશ્યત્યેવ ન સંશયઃ ॥૨૭॥
દશાવૃત્ત્યા પ્રતિદિનમસ્યાભીષ્ટંસુખંભવેત્ ।
ગૃહિભિસ્ત્યાગિભિશ્ચાપિ પઠનીયમિદં તતઃ ॥૨૮॥

ઈતિશ્રી શતાનંદમુનિ વિરચિતે શ્રીજનમંગલાખ્યં
શ્રીહર્યષ્ટોત્તરશતનામસ્તોત્રમ્ સંપૂર્ણમ્

॥ જય શ્રી સ્વામિનારાયણ ॥



શ્રીહરિના ચરણચિહ્નનું ચિંતનફળ

જમણા ચરણનાં ૯ ચિહ્નનું ધ્યાન

૧. **જવ** :- જે ભક્તજન શ્રીહરિના ચરણારવિંદમાં જવાકાર રૂપી ચિહ્નનું ધ્યાન કરે છે તો તેનાં સર્વ પાપ નાશ પામી જાય અને તે ભક્તને આત્મા તથા પરમાત્માના સ્વરૂપનું જ્ઞાન ઉદય થાય છે.

૨. **જાંબુ** :- જે ભક્તજન જાંબુફળ રૂપ ચિહ્નનું ધ્યાન કરે છે તો એ ભક્તનું મન માયિક વિષયરસમાં ક્યાંય બંધાય નહિ એ શ્રીહરિની મૂર્તિમાં સ્થિર થાય છે, ભગવાનની મૂર્તિમાં સર્વ રસ માણનાર વિષય રૂપી ખાટી છાશ પીવા સમર્થ થતા નથી.

૩. **વજ** :- જે ભક્તજન આ વજ્રરૂપી ચિહ્નનું ધ્યાન કરે છે તો એ ભક્તનાં પાપરૂપી મોટા

પર્વતોને ભેદી નાખે છે, અને મન પક્ષીની પાંખને છેદી નાખે છે અને મન શ્રીહરિની મૂર્તિમાં સ્થિર થાય છે.

૪. **કેતુ (ધ્વજ)** :- જે ભક્તજન ધ્વજરૂપી ચિહ્નનું ધ્યાન કરે છે તો એ ભક્ત કામ રૂપી શત્રુને જીતીને માયિક સુખ માત્રની વાસના ટાળે છે અને ભગવાનના અક્ષરધામને પામે છે.

૫. **પદ્મ (કમળ)** :- જે ભક્તજન પદ્મરૂપી ચિહ્નનું ધ્યાન કરે છે, તો એ ભક્તજન કમળના જેવા ગુણને પામે છે. જેમ કમળ જળમાં રહે છે છતાં પણ જળમાં પરાભાવ પામતું નથી, તેમ તે ભક્તજન પણ સંસારરૂપી જળમાં રહેવા છતાં પણ સંસારમાં પરાભવ પામે નહિ; અર્થાત્ ડૂબે નહીં.

૬. **અંકુશ** :- જે ભક્તજન શ્રદ્ધાથી અંકુશ રૂપી ચિહ્નનું ધ્યાન કરે તો એ ભક્તજન મનરૂપી હાથીને જીતીને વશ કરે છે જેમ ઉન્મત્ત બનેલ હાથીને અંકુશથી વશ કરાય છે તેમ મનરૂપી ઉન્મત્ત હાથી ભગવાનના ચરણનું ચિહ્ન છે જે અંકુશ તેનાથી વશ થાય છે.

૭. **ઊર્ધ્વરેખા** :- જે ભક્તજન ઊર્ધ્વરેખા રૂપી ચિહ્નનું ધ્યાન કરે છે તો એ ભક્તજન ઊર્ધ્વગતિ, જે પુરુષોત્તમ નારાયણ સર્વાવતારી શ્રીહરિ, શ્રીભક્તિધર્મના પુત્ર, ઘનશ્યામ મહારાજ જ્યાં બિરાજમાન છે એવું જે અક્ષરધામ તેને પામે છે.

૮. **અષ્ટકોણ** :- જે ભક્તજન અષ્ટકોણરૂપી ચિહ્નનું ધ્યાન કરે છે તો એ ભક્તજન અષ્ટાંગયોગનું ફળ પામે છે અને તે અષ્ટાંગયોગ તેની વિગત એ

છે જે ૧. યમ ૨. નિયમ ૩. આસન ૪. પ્રાણાયામ ૫. પ્રત્યાહાર ૬. ધ્યાન ૭. ધારણા ૮. સમાધિ. આ આઠ તેનું નામ અષ્ટાંગ યોગ, તો એક અષ્ટકોણના ધ્યાનથી આ અષ્ટાંગ યોગનું ફળ પામે છે અને બીજું જે અષ્ટાવરણ તેની વિગત ૧. પૃથ્વી ૨. જળ ૩. તેજ ૪. વાયુ ૫. આકાશ ૬. અહંકાર ૭. મહત્તત્વ, ૮. પ્રકૃતિ. આ આઠ આવરણને ભેદીને અવિનાશી સુખરૂપ એવા ભગવાનના અક્ષરધામને પામે છે.

૯. **સ્વસ્તિક** :- જે ભક્તજન સ્વસ્તિક રૂપી ચિહ્નનું ધ્યાન કરે છે તો એ ભક્તનાં સર્વ પાપ નાશ પામી જાય છે અને આત્યંતિક મોક્ષને પામે છે અને તે અતિ શોભાયમાન છે અને મંગળકારી છે.

ડાબા ચરણનાં ૭ ચિહ્નનું ધ્યાન

૧૦. **કળશ** :- જે ભક્તજન કળશરૂપી ચિહ્નનું ધ્યાન કરે છે તો એ ભક્તજન જેમ કળશ શિખર ઉપર ચડે છે તેમ સર્વોપરી શ્રીજીમહારાજનું અક્ષરધામ તેને પામે છે.

૧૧. **અર્ધચંદ્ર** :- જે ભક્તજન આ અર્ધચંદ્રરૂપી ચિહ્નનું ધ્યાન કરે છે તે ભક્તના અંતરમાં અતિશય પ્રકાશ થાય છે અને અર્ધચંદ્રને દેખીને જેમ કુમુદ પ્રફુલ્લિત થાય તેમ એ ભક્તનું મન અતિશે આનંદને પામે છે.

૧૨. **વ્યોમ** :- જે ભક્તજન વ્યોમના ચિહ્નનું ધ્યાન કરે છે તો તે ભક્તજન અલૌકિક ભગવાનની પ્રસન્નતાના કારણે જે નિષ્કામાદિક ગુણ તેને પામીને આકાશની પેઠે નિર્લેપ થઈને ભગવાનના અક્ષરધામને પામે છે.

૧૩. **ગોપદ** :- જે ભક્તજન આ ગોપદરૂપી ચિહ્નનું ધ્યાન કરે છે તો એ ભક્તજન ગોપદ તુલ્ય પરિશ્રમ વિના સંસારરૂપી સમુદ્રને તરી જાય છે.

૧૪. **ધનુષ્ય** :- જે ભક્તજન આ ધનુષ્ય રૂપી ચિહ્નનું ધ્યાન કરે છે તો એ ભક્તજનથી કામાદિક શત્રુ પણ હાર પામે છે અને તેને કોઈ પ્રકારે અંતઃશત્રુ નડી શકતા નથી.

૧૫. **ત્રિકોણ** :- જે ભક્તજન આ ત્રિકોણ રૂપી ચિહ્નનું ધ્યાન કરે છે તો એ ભક્તજન ત્રિવિધ તાપને ટાળીને સ્થૂળ સૂક્ષ્મ આ કારણ ત્રણે દેહનો ત્યાગ કરીને બ્રહ્મમય દેહને પામીને અક્ષરધામને વિષે શ્રી સ્વામિનારાયણ ભગવાનની સેવામાં રહે છે.

૧૬. **મીન** :- જે ભક્તજન આ મત્સ્યરૂપી ચિહ્નનું ધ્યાન કરે છે તો તે ભક્તજનને એવો ગુણ પ્રાપ્ત થાય છે જે સંસારમાં રહે.

ધ્યાનમૂર્તિ



ધ્યાનમૂર્તિ



શ્રી હરિની મૂર્તિના તિલ - ચિહ્નનું ધ્યાન

શ્રીજી મહારાજની મૂર્તિ અતિ સુંદર છે. શ્રીજી મહારાજની મૂર્તિ અતિશે શોભાયમાન છે અને તે મૂર્તિનાં દર્શનને કરનારા જે ભક્તજન તેમના મનને અને નેત્રને હરી લે એવી તે મૂર્તિ છે અને તે મૂર્તિ ઘનશ્યામ છે. શાંત સ્વભાવે યુક્ત છે. મહારાજના શરીરમાં બાવન (૫૨) ચિહ્ન તથા ત્રેસઠ (૬૩) તિલ છે.

દુર્ગપતન (ગઢપુર)ને વિષે શ્રી ગોપીનાથજીની મૂર્તિ જેટલી ઉંચી છે તેટલી જ શ્રીજી મહારાજની મૂર્તિ ઉંચી છે.

મહારાજના ચરણારવિંદ અતિ સુંદર ને એકદમ કોમળ છે. તથા ચરણના તળા આછા ગુલાબી છે અને તળામાં સોળ ચિહ્ન છે. જમણા ચરણમાં નવ ચિહ્ન છે અને ડાબા ચરણમાં સાત ચિહ્ન છે. પ્રથમ જમણા

ચરણમાં જવ, જાંબુ, વજ્ર, ઉર્ધ્વરેખા, ધ્વજ, કમળ, અંકુશ, અષ્ટકોણ, સ્વસ્તિક તથા ડાબા ચરણમાં મીન, ત્રિકોણ, ગોપદ, ધનુષ્ય, વ્યોમ, અર્ધચંદ્ર, કળશ તથા ઉર્ધ્વરેખા પણ છે. અને ડાબા ચરણમાં ડાબી કોરે લાકમાં બે ચિહ્ન છે.

મહારાજના ચરણની આંગળીયું અતિ લાંબી ને કોમળ છે તથા દશેય આંગળીયો ઉપર ઝીણાં-ઝીણાં રોમનાં ચિહ્ન છે તથા આંગળીયોના નખ અતિ સુંદર, તેજસ્વી ને ઉપડતા છે. બંને ચરણના અંગૂઠા તથા પહેલી આંગળી ઉપર ચાખડીના ઘસારાના ચિહ્ન છે. જમણા ચરણના અંગૂઠાના નખમાં જવ આકારે ઉભી રાતી રેખાનું ચિહ્ન છે તથા એ જ અંગૂઠાની ડાબી બાજુના બહારના ભાગે એક તિલ છે તથા અંગૂઠા પાસેની આંગળીયે અંગૂઠા બાજુના પડખે એક તિલ છે તથા છેલ્લી આંગળીના નખ પાસે બહારના ભાગે એક તિલ છે. બંને ચરણમાં ઘુંટીએ આસનના ઘસારાના ચિહ્ન છે.

જમણા ચરણમાં ઘુંટીથી પાંચ તસુ ઉપર નળી ઉપર એક તિલ છે. મહારાજના સાથળ અતિ કોમળ ને કેળના સ્તંભ જેવા છે અને જમણા સાથળમાં બહારના ભાગે એક ખાંપાનું ચિહ્ન છે તથા ડાબા ચરણમાં ઘૂંટીથી પાંચ તસુ ઉપર નળી ઉપર એક મોટો તિલ છે ને એની ઉપર એક નાનો તિલ છે. ડાબા ઢીંચણના બહારના ભાગે એક ચિહ્ન છે.

મહારાજની કમર અતિ પાતળી છે. કમરની બે કોરે ધોતિયું પહેર્યાના ઘસારાનાં શ્યામ ચિહ્ન છે. શીતળ એવુ ઉદર અતિ સુંદર છે. મહારાજની નાભિ ઉંડી, ગોળ ને ગંભીર છે તથા નાભિની જમણી બાજુએ કાંઠા ઉપર તિલ છે. અને ડાબી બાજુએ નાભિથી સહેજ દૂર એક તિલ છે. નાભિથી ઉપર બે તસુ છેટે ત્રણ તિલ છે. તેમાં બે નળીની ઉપર એક-એક છે ને એક વચ્ચે છે અને વચ્ચેનો જે તિલ તેનાથી બે તસુ ઉપર એક તિલ છે.

મહારાજનું ઉદર પીપળાના પાન આકારે છે ને તેમાં ત્રિવળી પડે છે અને જમણી બાજુ કૂખમાં એક મોટો તિલ છે તેની ઉપર એક નાનો તિલ છે

જમણી ભુજાની પાસે માંહેલી કોરે ઉભા ઓળે ચાર તિલ છે અને ડાબે પડખે કૂખથી ઊંચે બગલથી હેઠે અંદરના ભાગે મોટા ચાર તિલની એક ઉભી હાર છે ને તેની પાસે બહારના ભાગે એક બીજી નાના ચાર તિલની ઉભી હાર છે અને તે જ બગલની નીચે ત્રણ તિલની એક ઉભી હાર છે અને હૃદયને વિષે રોમે સહિત શ્રીવત્સનું ચિહ્ન છે બે સ્તન ઉપર બે છાપના ચિહ્ન છે તથા છાતીની વચ્ચે અર્ધચંદ્રને આકારે પાંચ તસુ પહોળું અને જરાક રાતું એક મોટું ચિહ્ન છે ને તે જમણી બાજુએ વધારે ચઢતું છે અને એ ચિહ્નને વચ્ચે જરાક ડાબી કોરે એક મોટો તિલ છે અને એ તિલની ડાબી કોરે એક આંગળીને છેટે એક તિલ છે ને તેથી ડાબી કોરે બે તસુને છેટે ડાબા સ્તનથી

ઉપર એક તિલ છે. મહારાજના કંઠમાં એક વિનગુણહાર છે. કંઠના ખાડાની વચ્ચે એક તિલ છે ને એ તિલથી સહેજ ઉપર એક નાનો તિલ છે.

મહારાજની બંને ભુજાઓ ઢીંચણ સુધી લાંબી છે તથા જમણી ભુજાના મૂળથી ત્રણ તસુ હેઠે એક છાપનું ચિહ્ન છે આ ચિહ્નના પડખે બહારના ભાગે નાના ચાર તિલ છે અને કોણી શ્યામ સુંવાળી છે તથા કોણીથી હેઠે અને કાંડાથી ઉપર બહારના ભાગમાં બે તિલ છે તથા હથેળીથી આઠ તસુ ઉપર એક છાપનું ચિહ્ન છે. જમણા હાથની ટચલી આંગળીના મૂળથી ઉપર અર્ધ તસુને છેટે એક નાનો તિલ છે. ડાબી ભૂજાના મૂળથી ત્રણ તસુ હેઠે એક છાપનું ચિહ્ન છે. કોણી શ્યામ સુંવાળી છે. ડાબી કૂણીથી બે તસુ હેઠે હાથના ઉપરના ભાગે એક તિલ છે અને હથેળીના મૂળથી આઠ તસુ ઉપર એક છાપનું ચિહ્ન છે. ડાબા હાથના પોંચા ઉપર તિલ છે તથા અંગૂઠા પાસેની

આંગળી ને વચલી આંગળીના વચમાં એક તિલ છે અને એ અંગૂઠા પાસેની આંગળીના નખની પાસે માહેલી કોરે એક નાનો તિલ છે. બંને હાથના નખ અતિ સુંદર, રક્ત, તેજસ્વી ને ઉપડતા છે તથા તે નખના અગ્ર ભાગ અતિ તિક્ષ્ણ છે અને દશેય આંગળીઓ ઉપર ઝીણાં-ઝીણાં રોમનાં ચિહ્ન છે.

બંને હાથની હથેળીઓ રક્ત છે ને હથેળીની રેખાઓ થોડી-થોડી શ્યામ છે.

મહારાજની ચિબુક(દાઢી) અતિ સુંદર છે ને ચિબુક(દાઢી)ની હેઠે એક તિલ છે. મહારાજનું મુખારવિંદ અતિ સુંદર ને એકદમ તેજોમય છે તથા મહારાજના હોઠ એકદમ પાકા પરવાળા જેવા લાલ તથા પાતળા છે ને મહારાજ હોઠ ખોલે એટલે અતિ સુંદર, તેજસ્વી મોગરાની કળી જેવાં દાંતના દર્શન થાય છે અને મુખમાં જમણી બાજુએ હેઠલીની પ્રથમની દાઢમાં એક શ્યામ

ચિહ્ન છે અને જીહ્વા કમળના પાન જેવી રક્ત છે તે જીહ્વાની ઉપર એક શ્યામ ચિહ્ન છે. મૂછનો દોરો અતિસુંદર ને એકદમ પાતળો છે. નાસિકા નમણી છે તથા નાસિકા ઉપર ઝીણા-ઝીણા શીળીનાં ચાઠાંના ચિહ્ન છે. નાસિકાની પાસે જમણી કોરે એક મોટો તિલ છે અને એ તિલથી ઊંચો ને આંખના ખૂણાથી હેઠો એક નાનો તિલ છે. મહારાજના નેત્રકમળ અતિ સુંદર, તેજસ્વી ને અણિયાળા છે. બંને નેત્રની ઉપર નીચેની પાંપણો ઉપર ઝીણી-ઝીણી કરચલીઓ પડે છે. ભ્રકુટી એકદમ લાંબી ધનુષ્યના આકારે છે. મહારાજનું લલાટ અતિ વિશાળ ને ઉપડતું છે. લલાટમાં તિલકના આકારે બે ઉભી રેખા છે ને વળી લલાટને વિષે જમણી કોરે કેશથી હેઠે એક લાલ ચિહ્ન છે અને મહારાજના કાન અતિ સુંદર છે. જમણા કાનની બૂટમાં એક નાનો તિલ છે અને ડાબા કાનમાં

માહેલી કોરે ચિહ્ન છે. તાળવાની ઉપર એક મોટો તિલ છે.

શિખાથી આગળ સમીપે એક તિલ છે અને શિખાથી પછવાડે જમણી કોરે ત્રણ તિલ છે. વાંસામાં જમણી બાજુએ ડોકથી બે તસુ એક તિલ છે ને જમણી બાજુએ ખરપડી ઉપર એક તિલ છે તથા વાંસાની મધ્યમાં કરોડની જમણી બાજુએ ચાર તિલ છે. મહારાજના વાંસામાં ડાબી બાજુએ ખંભાથી બે આંગળ હેઠે રોમે સહિત એક મોટો તિલ છે ને તેની હેઠે બીજો એક નાનો તિલ છે, એ વિના બીજા પણ ઝીણાં-ઝીણાં તિલ શ્રીજી મહારાજના શરીરમાં કેટલાંક છે.

શ્રીજી મહારાજની મૂર્તિના જે કરચરણ આદિક સર્વે અંગ તે સામુદ્રિક શાસ્ત્રમાં જેવાં કહ્યાં છે તેવાં છે. આવી રીતે શ્રીજી મહારાજની મૂર્તિના જે ચિહ્ન તે સ્મૃતિને અનુસારે લખ્યા છે.

અક્ષરધામ વર્ણન

રાગ : વસંતતિલકાવૃત (શ્રી વાસુદેવ વિમલામૃત.)

વર્ણિ કહે મન ધરી સુણ ભૂપ વાત;
ચાલ્યાં ગયાં સુતની મૂર્તિની સાથ માત,
જોયું જઈ અકળ અક્ષરધામ - જ્યાંય;
શોભા સમસ્ત થળથી અતિ દીઠી ત્યાંય ॥૧॥
કોટાન કોટિ રવિ ચંદ્રતણો પ્રકાશ;
ખદ્યોત તુલ્ય ન જણાય જ જેની પાસ,
જેને સદૈવ શ્રુતિ બ્રહ્મપુરી કહે છે;
મુક્તો અનંત પણ અક્ષર જ્યાં રહે છે ॥૨॥
જ્યાં જૈ શકે ન કદિયે પણ કાળ માયા;
જ્યાં ક્રોધ કામ કદી લોભ નથી જણાયા,
આનંદયુક્ત દરશે ગુણ સચ્ચિદાદિ;
જે છે અનંત અવિકારી અને અનાદિ ॥૩॥

જ્યાં જ્યોતિરૂપ વળી ચિન્મય સર્વ ચીજો;
દીસે ન પૃથ્વિ પવનાદિ પદાર્થ બીજો,
અગ્નિ નહીં જળ નહીં નહીં અભ્ર વ્યોમ;
તારા નહીં ઘન નહીં નહીં સૂર્ય સોમ ॥૪॥
જ્યાં દંપતિ નહિ તથા નહિ પુત્ર માતા;
જ્યાં કર્મના કદિ ન લેખ લખે વિધાતા,
જેનું જથાર્થ કદિ વર્ણન ના કરાય;
વાણી તથા મુનિતણા મન થાકી જાય ॥૫॥
જેનો કદાપિ શ્રુતિ પાર નથી જ લેતી;
જે કહે નિગમ આગમ નેતિનેતિ,
જ્યાં જાય તે પુનર જન્મ કદી ન પામે;
તે આધિ વ્યાધિ તણિ બાધિ ઉપાધિ વામે ॥૬॥
આ અષ્ટ આવરણ પૃથ્વિ પ્રમુખ્ય જેહ;
છે એકથી દશગણાં વધતાં જ તેહ,
એ આઠ સર્વ મળિ અંડ ગણાય એક;
તે તો જહાં રજ સમાન ઉડે અનેક ॥૭॥

શોભે તહાં અમિત ચિન્મય સૌધ સારાં;
જોતાં જ મુક્તજનને મુદ આપનારાં,
તે સૌધ સર્વ વળી વૈભવથી ભર્યા છે;
સ્વેચ્છાથી મુક્ત હિત શ્રીહરિયે કર્યા છે ॥૮॥
જે મુક્ત જેમ મનમાંહિ મનોર્થ ધારે;
તેવું સ્વરૂપ નિજનું બની જાય ત્યારે,
દેખી કૃપાળુ પ્રભુ થાય પ્રસન્ન માટે;
કોઈ સજે નિજ સ્વરૂપ સુપાત્ર ઘાટે ॥૯॥
કોઈક મુક્ત મણિ માણેક રૂપ થાય;
કોઈક દેવતરૂ તુલ્ય તહાં જણાય,
કોઈ પલંગ નવરંગ નિજાંગ ભાસે;
કોઈ ધ્વજા કળશરૂપ ધરી પ્રકાશે ॥૧૦॥
કોઈ ઘરે સુરથ કે હય હાથી રૂપ;
કોઈ બને કનક કેરિ છડી અનૂપ,
વાજીંત્ર રૂપ વળિ કોઈ ઘરે વિચિત્ર;
જેમાં ગવાય હરિના ગુણ કે ચરિત્ર ॥૧૧॥

થૈ પાદુકા પ્રભુતણા પદ કોઈ ચા'ય;
કોઈક છત્ર થઈ શ્યામ શિરે છવાય,
સર્વે સ્વતંત્ર પરતંત્ર તહાં ન કોઈ;
આનંદમગ્ન અતિશે હરિમૂર્તિ જોઈ ॥૧૨॥
વર્ણિ સુણો મહીપતિ મુખથી કહે છે;
તે સર્વ મુક્ત હરિના વશમાં રહે છે,
ત્યારે સ્વતંત્ર સુખ કેમ ગણાય એહ;
ટાળો તમે સકળ સંશય આજ એહ ॥૧૩॥
વર્ણિ કહે નિજ તણા મનને ગમે છે;
તેને જ પ્રાણી સરવે સુખ માની લે છે,
કોઈક કેફ કરીને અતિ ઊંધી જાય;
તેમાં જ શ્રેષ્ઠ સુખ તે ગણશે સદાય ॥૧૪॥
તેવી રીતે હરિ વિષે જઈ લીન થાવું;
વેદાંતિયો મન ગણે સુખ શ્રેષ્ઠ આવું,
જે કૃષ્ણના પદ ઉપાસક લક્ષ્મી જેવા;
સર્વોપરી સુખ ગણે કરી શ્યામ સેવા ॥૧૫॥

દૃષ્ટાંત એક વળી સાંભળ ચિત્ત રાખી;
છે રાજનીતિ કવિએ જનકાજ ભાખી,
પંડિત મૂર્ખ સુખકારણ શું કરે છે;
કેવી રીતે સમય બે જણ વાવરે છે ॥૧૬॥
વાજિંત્ર સાથ હરિકીર્તન ઉચ્ચરીને;
કાઢે સુકાળ બુધ હર્ષ દિલે ધરીને,
ઉંઘે લડે વળી કરે વ્યસનો વિશેષ;
તેમાં જ મૂર્ખ જન તો સુખ માની લેશે ॥૧૭॥
સુતા રહી સુખ ગણે જ દરિદ્રિ જેમ;
ઈચ્છે ન ભકત સુખ ભક્તિરહિત તેમ,
જે ચિત્તમાં વિષયના સુખને ચહાય;
તે તો કદાપિ જન અક્ષરમાં ન જાય. ॥૧૮॥
જીવાત્માવશ્ય વરતે સુખી જેમ કાયા;
સર્વેશવશ્ય વરતે વળી જેમ માયા,
તે આપને ન પરવશ્ય કદી પ્રમાણે;
મુક્તો સદૈવ હરિવશ્ય સ્વતંત્ર જાણે ॥૧૯॥

જે ધામમાં ન જડ વસ્તુ કશી જણાય;
ચૈતન્યનાંજ તરૂ વેલી તમામ ત્યાંય,
પ્રાકાર દ્વાર પણ ચિન્મય તેહ ઠાર;
આકાર રંગ પલટે પલમાં અપાર ॥૨૦॥
તે મુક્ત જ્યાં ગતિ કરે તહીં જઈ શકાય;
આવર્ણ આડું કશુંયે કદીયે ન થાય,
બ્રહ્માંડ કોટિ પણ તે નજરે નિહાળે;
જાણે થવાનું થયું તે પણ સર્વ કાળે ॥૨૧॥
તે મુક્ત સર્વ વળી જાણ સમર્થ કેવા;
બ્રહ્માંડ કોટિ ઉપજાવી શકે જ એવા,
આજ્ઞા થકી અવતરે જઈ લોકમાંય;
પુજાય આપ પુરૂષોત્તમ તુલ્ય ત્યાંય ॥૨૨॥
બ્રહ્માંડ કોટિ રજતુલ્ય જહાં ઊડે છે;
એવું કહ્યું પ્રથમ અક્ષરધામ એ છે,
એવું સમર્થ નહિ અક્ષરધામ એક;
એવાં સમર્થ વળી મુક્ત તહાં અનેક ॥૨૩॥

તે સર્વ મુક્ત પુરૂષોત્તમના ઉપાસી;
રાધાદિ લક્ષ્મીસમ શક્તિ અનંત દાસી,
સેવે સદૈવ પ્રભુના પદ ચિત્ત ધારી;
પામે ન પાર હરિનો મહિમા વિચારી ॥૨૪॥
તે ધામમાં સકળ મુક્ત કિશોર ભાસે;
કોટયર્ક ઈંદુસમ તેની પ્રભા પ્રકાશે,
સરખા ગણાય સહુ અક્ષરમુક્ત એહ;
દેખાય કોઈ નહિ ન્યુન વિશેષ તેહ ॥૨૫॥
તે ધામમાંહિ બહુ જે સુખ છે સદાય;
શેષાદિકે સકળ તે ન કહી શકાય,
ઐશ્વર્ય સર્વતણું ત્યાં કહીયે અપાર;
શું શારદા કહી શકે સકળ પ્રકાર ॥૨૬॥
તે ધામ દેખી નજરે સતિ ભક્તિમાત;
આશ્ચર્ય પામી હરખ્યાં ઉરમાં અઘાત,
દેખી સમુદ્ર મનમાં સર તુચ્છ લાગે;
ધામો બીજાં અલપ અક્ષરધામ આગે ॥૨૭॥

તે ધામ મધ્ય વળી મંદિર એક દીઠું;
સર્વોપરી સરસ તે મન લાગ્યું મીઠું,
ચૈતન્યયુક્ત મણીના બહુ સ્થંભ ત્યાં છે;
સંખ્યા ન થાય ગણતાં શુભ દ્વાર જ્યાં છે ॥૨૮॥
મોતી તણાં સરસ તોરણ ત્યાં દીસે છે;
બાંધ્યા ઉલેચ મણિયો પણ તે વિશે છે,
જેનું જથાર્થ કદી વર્ણન ના કરાય;
જોતા જ જુક્ત જુગના જુગ વિતી જાય ॥૨૯॥
સિંહાસન પ્રભુતણું વળી દીઠું એક;
જેમા જડેલ મણિયો નિરખ્યાં અનેક,
છે દ્વાર સોળ વળી સ્થંભ છનેઉ છાજે;
તે સર્વ ચિન્મય રૂડી રીતના વિરાજે ॥૩૦॥
તે ઉપરે જ ઘનડંબર છત્ર એક;
આશ્ચર્ય દેખી ઉપજે ઉરમાં અનેક,
તે છત્રમાંથી વળી ચંદન વૃષ્ટિ થાય;
તે મંદ મંદ પણ ગંધ દિશાંત જાય ॥૩૧॥

સિંહાસને મયુર પોપટ હંસ જેહ;
બેઠા જણાય પણ અક્ષરમુક્ત એહ,
શ્રીસ્વામિને અતિ પ્રસન્ન કર્યા જ કાજ;
એવાં સ્વરૂપ ધરીયાં મળી મુક્તરાજ ॥૩૨॥
સોપાન દિવ્ય વળી ત્યાં મણીનાં જ સારાં;
જોતાં જ મુક્ત મનને મુદ આપનારા,
સિંહાસને સરસ ગાદી અમૂલ્ય જોઈ;
જેનું કહી નવ શકે કદી મૂલ્ય કોઈ ॥૩૩॥
ત્યાં ભક્તિયે નિરખિયાં નિજપુત્ર બેઠા;
બેઠા અનેક મળી મુક્ત તહાંથી હેઠા,
કોઈ ઊભા પ્રભુ સમીપ છડી ધરીને;
કોઈ કરે ચમર હાથ ધરી હરીને ॥૩૪॥
રાધાદિ શક્તિ ઘણી ત્યાં કર ધારી ઝારી;
સેવા નિમિત્ત થઈ સજ્જ ઊભી વિચારી,
તેણે શરીર શણગાર રૂડા ધર્યા છે;
કોઈ કરે કનક થાળ ફુલે ભર્યા છે ॥૩૫॥

વાજીંત્રમાંહિ સખી કોઈ કરે સુગાન;
કોઈ કરે સરસ નૃત્ય નટીસમાન,
કોઈ કરે પ્રભુનું પૂજન પ્રેમ આણી;
કોઈ કરે સ્તુતિ મુખે વદિ મિષ્ટ વાણી ॥૩૬॥
જે ધર્મધેર ધરિ જન્મચરિત્ર થાય;
તે કૈક તો કવિત કીર્તન જોડી ગાય,
માર્યો કુપાત્ર મહિમાં ખળ કાળીદત્ત;
તે ગાય છે ગુણિજનો કરી કોઈ નૃત્ય ॥૩૭॥
કોઈક મુક્ત પ્રભુની છબીને નિહાળે;
કોઈક પદ્મ સરખા પગને પખાળે,
જે પાવમાં સરસ ષોડશ ચિહ્ન શોભે;
તે નિરખવા સ્થિતિ કરી મનભ્રંગ લોભે ॥૩૮॥
નૂપુર છે ચરણમાં ચળકીત નંગે;
પીળું ધર્યું રૂચિર રેશમ વસ્ત્ર અંગે,
કેડે જડિત મણી માણેક મેખળા છે;
કાંતી સુશાંત અતી શું શશિની કળા છે ॥૩૯॥

નાભી ઊંડી લલિત વર્તુળ જેમ કૂપ;
તે ઉપરે રૂડી દીસે ત્રિવળી અનૂપ,
આવી રહી ઉદર ઉપર મોતીમાળ;
શ્રીવત્સ ચિહ્ન શુભ છે ઉર છે વિશાળ ॥૪૦॥
કંઠે અમૂલ્ય મણિ કૌસ્તુભ છે ધરેલો;
જાણે સમુદ્ર મથવા થકી નીકળેલો,
તેવું સ્વરૂપ ધરી ત્યાં સ્થિત મુક્ત કોઈ;
વંદે સમસ્ત મળી અક્ષરમુક્ત જોઈ ॥૪૧॥
ભક્તો તણા ભયહરા ભૂજદંડ ભાળ્યાં;
ત્યાં બાજુબંધ બહુ નંગ જડ્યાં નિહાળ્યાં,
કાંડે કડાં કનકનાં અતિ કાંતિવાળા;
છે વેઢ વીંટી દશ આંગળિયે રૂપાળાં ॥૪૨॥
હથેળી રક્ત જળજાત સમાન ભાસે;
રેખા રૂડી નિરખતાં ભવ ત્રાસ નાસે,
અત્યંત તેજ નિરખ્યું નખ પંક્તિ કેરું;
કોટાન કોટી શશિ સૂર્ય થકી ઘણેરું ॥૪૩॥

ગ્રીવા મનોહર દિસે શુભ્ર શંખ જેવી;
છે હોઠ રક્ત કહુ વિદ્રુમ કાંતિ કેવી,
દેખી સુદંત વળી કુંદકળી લજાય;
નાસા નિહાળી શુકની ઉપમા અપાય ॥૪૪॥
જે જેની અંગ હરિને ઉપમા અપાય;
તે કોઈ કૃષ્ણતન તુલ્ય કદી ન થાય,
તે જેમ ચિત્ર રવિનું કરીને બતાવે;
આવો જણાય રવિ તે કદી તુલ્ય નાવે ॥૪૫॥
નેત્રો નવિન કમળો કવિયો કહે છે;
ત્યાં ભ્રંગરૂપ ભમર્યો મળતી રહે છે,
જે વાંકડી ભ્રકુટિથી વળી કાળ ત્રાસે;
તે દેખીને હરિજનો મનમાં હુલાસે ॥૪૬॥
બેકાનમાં કનક કુંડળ છે રૂપાળાં;
તે તો દિસે મકર બેય સમુદ્રવાળા,
તેમાં મણી સરસ મુક્ત બની રહ્યાં છે;
શું પૂછવા રૂચિ હરિની તહાં ગયા છે. ॥૪૭॥

બે પુષ્પગુચ્છ હરિને શ્રવણે બિરાજે;
તેની છબી રવિ-શશાંક સમાન છાજે,
પાખંડિયે કુમત ભૂતળમાં ચલાવ્યા;
શું કષ્ટ તે ઉચરવા શશી સૂર્ય આવ્યા ॥૪૮॥
શોભે ભલું તિલક કેસર ભાલ કીધું;
તે મધ્ય ચંદ્રસમ કુંકુમ ધારી લીધું,
જાણે સદૈવ જનમંગળ છે વિચાર્યું;
તે માટે ચિહ્ન શુભ મંગળ કેરૂ ધાર્યું ॥૪૯॥
માથે ધર્યો મુકુટ મોરસમાન સારો;
મોતી મણીતણી ઘણી જ જણાય હાર્યો,
પ્રત્યક્ષ મેઘ શુભ્ર શું પ્રભુને પ્રમાણી;
આવ્યો મયુર મનમાં અતિમોદ આણી ॥૫૦॥
તોરા ઝુકયા કુસુમના દરશાય કેવા;
ગંગાપ્રવાહ શિવજીની જટાથી જેવા,
એવું સ્વરૂપ સુતનું સતીયે નિહાળ્યું;
કોટાન કોટી રતિનાથ થકી રૂપાળું ॥૫૧॥

ત્યાં તો દીઠા હરિતણા અવતાર સર્વે;
મત્સ્યાદિ જે થઈ ગયા જગમધ્ય પૂર્વે,
તેઓ મળી સ્તુતિ કરે ઘનશ્યામ કેરી;
થૈ દીન પાવ પ્રણમે હરિરૂપ હેરી ॥૫૨॥
સૌ લીન તે થઈ ગયા હરિ તેજમાંય;
નક્ષત્ર જેમ રવિ આગળ લીન થાય,
ત્યાં વેદ ચાર નિરખ્યા વળી મૂર્તિમાન;
તે તો કરે હરિતણા ગુણ કેરું ગાન ॥૫૩॥
વાણી વદે સુજશની વળી શારદા ત્યાં;
ગાયે ગુણો અમીત તુંબરૂ નારદા ત્યાં,
શ્રી શેષનાગ પણ આપ સહસ્ત્ર વક્ત્ર;
કીર્તી કહે પ્રભુ તણી તજી માન તત્ર ॥૫૪॥
જેને કહે પરમ શંકર મૂર્તિમાન;
તે નૃત્ય ત્યાં કરી કરે હરિકીર્તિ ગાન,
બ્રહ્મા ચતુર્મુખ વડે શ્રૃતિયો ભણે છે;
તે સર્વ મુક્ત પણ સ્નેહ ધરી સુણે છે ॥૫૫॥

એવા અનેક અજ ઈશ તહાં જણાય;
તે કોઈથી જ ગણતાં, ગણતી ન થાય,
સૌને દયાળુ હરિદર્શન આપ દે છે;
સ્વેચ્છાથી લીન નિજ તેજ વિષે કરે છે ॥૫૬॥
એવો અપૂર્વ મહિમા હરિનો નિહાળી;
ભારે સમૃદ્ધિ વળી અક્ષરકેરી ભાળી,
પામ્યાં અપાર મુદ ત્યાં મનમાંહી માય;
તે તો ન કોટિ કવિયોથી કહી શકાય ॥૫૭॥
આશ્ચર્ય પામી અતિશે પુલકાય કાયા;
પ્રેમાશ્રું બિંદું પડતા દેગથી જણાયા,
પોતા તણા તનુજનો મહિમા વિચારે;
સદ્‌ભાગ્ય તેથી નિજના અતિ ધન્ય ધારે ॥૫૮॥
જાગ્યાં પછી સતી તહાં ઉતરી સમાધિ;
દેખી સ્વપુત્ર વળી ત્યાં અતિ પ્રીતિ વાધિ,
વૃતાંત સર્વ કહિયું પછી ધર્મ પાસે;
તે સાંભળી તુરત ધર્મ બહુ હુલાસે ॥૫૯॥

તે દિવ્યભાવ વળી દંપતિ ભૂલી જાય;
ઈચ્છા પ્રભુની સુતભાવ વળી જણાય,
એવાં ચરિત્ર બહુ બાળપણે કર્યા છે;
હે ભૂપ ! તે મુજતણાં મનમાં ભર્યા છે. ॥૬૦॥

પુષ્પિતાગ્રાવૃત :—

પ્રભુગુણ ગણતાં ન પાર આવે, કહી કહી જો જુગના જુગો ગુમાવે ।
નભ ગતિ કરી કોઈ પાર જાય, પણ પ્રભુના ગુણનો ન પાર થાય ॥૬૧॥

ઇતિ શ્રીવિહારીલાલજી આચાર્ય વિરચિતે
હરિલીલામૃતે દ્વિતીયકલશે અચિંત્યાનંદવર્ણિન્દ્ર
અભયસિંહનૃપસંવાદે ભક્તિમાતુઃ
અક્ષરધામ દર્શનનામા એકાદશો
વિશ્રામ સમાપ્ત ॥૧૧॥

પહેલી માનસી પૂજા

(સવારે કરવાની માનસી પૂજાની રીત)

ભગવાનના ભક્ત હોય તેમણે હંમેશા ભગવાનની માનસી પૂજા કરવી. તે માનસી પૂજા કરવાની રીત એમ છે જે ઉનાળો, શિયાળો અને ચોમાસુ એમ ત્રણે ઋતુને વિષે જુદી જુદી પાંચ વખત માનસી પૂજા કરવી. તેમાં ઉનાળામાં ચાર માસ સુધી તો આવી રીતે માનસી પૂજા કરવી.

પ્રથમ તો માનસી પૂજા કરનાર ભક્તજને રાત્રીના છેલ્લા પહોરમાં એટલે ચાર વાગતાં જાગૃત થઈ ભગવાન શ્રી સ્વામિનારાયણની મૂર્તિનાં અંગોઅંગનું ચિંતવન કરવું ને ભગવાન તથા તેમના મુક્તોનાં નામ સ્મરણ કરીને તેમને સંભારવા ત્યાર પછી પોતાને દિવસથી રાત્રી સુધી

કેવી રીતે વર્તવું અને કેવા વિચારો કરવા તે સત્શાસ્ત્રો અને સદ્ગુરુ થકીપોતે સાંભળેલ હોય તેનું સ્મરણ કરવું. ત્યાર પછી શૌચવિધિ, દંતધાવન, સ્નાનાદિક સર્વ ક્રિયા પ્રભુને સંભારતાં સંભારતાં પવિત્ર જળ વડે કરવી, ત્યાર પછી ધોયેલાં પવિત્ર વસ્ત્ર પહેરીને ઉનના આસન ઉપર પૂર્વ અથવા ઉત્તર મુખે સ્વસ્તિક આસને બેસીને ૐ સ્વામિનારાયણ નમઃ (૧) ૐ હરિકૃષ્ણાય નમઃ (૨) ૐ ઘનશ્યામ નમઃ (૩) આ ત્રણ મંત્ર બોલીને ત્રણવાર આચમન કરવું. ત્યાર પછી શ્રીહરિની પ્રાર્થના કરવી જે "હે મહારાજ મને નિરંતર સદ્બુદ્ધિ આપો જેણે કરીને આપની નિષ્કામ ભક્તિમાં પ્રવિણ થવાય." આવી રીતે પ્રાર્થના કર્યા પછી પોતાના આત્માને ત્રણ દેહ, ત્રણ ગુણ, ત્રણ અવસ્થાથી વિલક્ષણ સત્તારૂપ માની પોતાના આત્માને બ્રહ્મરૂપ માનીને પ્રકૃતિમાંથી થયેલ યત્કિંચિત પદાર્થ તથા નામ માત્ર નાશવંત ને મિથ્યા છે. આવી

રીતે પોતાના મનમાં ભાવના કરીને ત્યાર પછી શ્રીહરિની માનસી પૂજા કરવી.

પ્રથમ તો શ્રીજી મહારાજ સુંદર મચ્છરદાની તથા ગાદલું ઓશીકું, ગાલમસુરીયાં તથા સુંદર ઓછાડ સહિત સુશોભિત પલંગ ઉપર અથવા ઉનાળો હોય તો પુષ્પની શય્યામાં, શિયાળો હોય ગાદલું ઓશીકું વિગેરે મખમલની શય્યામાં ને ચોમાસામાં જેવી ઋતુ, ગરમી હોય તો એ પ્રમાણે ને ઠંડી હોય તો એ પ્રમાણે, આમ ઋતુ પ્રમાણે શય્યા બિછાવી હોય તેમાં મહારાજ પોઢેલા છે. અનંત મુક્તો તથા હું શ્રીહરિની સેવામાં છું એવી ભાવના કરવી. ત્યાર પછી શ્રીહરિને પ્રાર્થના કરી જાગૃત કરવા. પ્રાર્થના એમ કરવી જે 'હે અક્ષરધામના અધિપતિ ! હે પુરુષોત્તમ નારાયણ ! હે સહજાનંદ સ્વામી ! હે ઘનશ્યામ મહારાજ ! આપ જાગૃત થાઓ ને સર્વે ભક્તજનોનું અમંગળ હરી મંગળ કરો. સહુને આપના મુખકમળનાં દર્શન કરાવો.

હે શ્રીહરિ આપે અંગીકાર કરેલ યોગનિદ્રાનો ત્યાગ કરો. કારણ કે રાત્રી વીતી ગઈ છે. પક્ષીઓ નાના પ્રકારના શબ્દો કરી રહ્યા છે, અને આપના દર્શન કરવા માટે મુનિજનો તત્પર થઈને તમારી સમીપે ઉભા છે અને આપના નિર્મળ યશનું ગાન કરે છે; માટે હે મંગલમૂર્તિ! જાગૃત થાઓ જેથી સર્વને આપનાં દર્શન થાય. આ પ્રકારે પ્રાર્થના કરી શ્રીહરિને જાગૃત કરવા, સુવર્ણના બાજોઠ ઉપર મખમલની ગાદી સુંદર મજાની હોય તેના ઉપર શ્રીહરિને વિરાજમાન કરવા, ત્યાર પછી તૈયાર કરી રાખેલ મુખશુદ્ધિ માટે સુંદર લીલું કંચન ને માખણ જેવું કોમળ ટીપીને કુચ કરેલું એલચીનાં બીજની કોથળીમાં સુગંધીમાન વાળા સાથે રાત્રીએ રાખી મૂકેલ હોવાથી અતિશય સુગંધિમાન થયેલ દાતણ મુખશુદ્ધિ કરવા માટે મહારાજને આપવું. દંતધાવન કરી લીધા પછી મુખશુદ્ધિ માટે બાર કોગળા વતી મુખની શુદ્ધિ કરાવીને પછી

સુવર્ણના બાજોઠ ઉપર વિરાજમાન કરી જુદા જુદા સુવર્ણના પાત્રમાં રહેલ દૂધ, દહીં, ઘૃત, મધ અને સાકર આ જે પંચામૃત તેનાથી સ્નાન કરાવી શ્રીહરિને ચરણમાં ચંદન તુલસીપત્ર અર્પણ કરી પછી ફરીવાર સુવર્ણના કળશ વતી શીતળ સુગંધીમાન જળથી અભિષેક સ્નાન કરાવવું પછી એક વસ્ત્ર પહેરાવીને સૂક્ષ્મ, ઘાટું અને કોમળ જે વસ્ત્ર તેનાથી શ્રીહરિના મસ્તકથી આરંભીને ચરણ પર્યંત સર્વે અંગને માર્જન કરવું એટલે લૂછવું ત્યાર પછી ઘાટું સૂક્ષ્મ અને શ્વેત વસ્ત્ર પહેરાવી બદલવાનું વસ્ત્ર કાઢી ધોતિયાની સંગાથે ધોઈ સુકાવી દેવું. ત્યાર પછી જરીયાની કોરનું પીળું અથવા પોતાને ગમે તે કલરનું પીતાંબર પહેરાવવું અને તેવા જ રંગની ઉપરણી ઓઢાડવી અને મસ્તક ઉપર સુંદર મજાની પોતાને ગમે તેવી ટોપી ધારણ કરાવવી, પછી સુવર્ણના સિંહાસન ઉપર શ્રીહરિને વિરાજમાન કરાવી લલાટમાં કુમકુમના ચાંદલા સહિત

ઉર્ધ્વપુંડ્ર તિલક કરાવવું. ત્યાર પછી ચરણમાં ચંદન, તુલસીપત્ર, ચોખા, અબીલ, ગુલાલ, કુમકુમ આદિક ઉપચારોથી પૂજન કરી ધૂપ દીપ કરવાં. ત્યાર પછી સરસ મજાની સુવર્ણમયી હીરા માણેક ચળકીત નંગ જડિત એવી આરતીમાં પાંચ વાટો પૂરી ચંદન અક્ષત અલંકૃત કરેલ આરતીને પ્રગટાવી "આરતી ઉભંગ સહિત મંગળા ઉતારું", એ પદ બોલતાં મંગળા આરતી ઉતારવી. ત્યાર પછી ધૂન, સ્તુતિ, પ્રદક્ષિણા દંડવત્ આદિક કરવું ત્યાર પછી મલિયાગર સુગંધીમાન ચંદનને ઘસીને સુવર્ણના વાટકામાં ભરી ને ચંદન પાત્રને પોતાના ડાબા હસ્તમાં ધારણ કરીને જમણા હાથ વડે શ્રીહરિને ચંદન ચર્ચવું તેમાં પ્રથમ તો લલાટને વિષે ચંદનનું અર્ચન કરીને તે લલાટને નીરખવું ત્યાર પછી બે હસ્તમાં ચંદન ચર્ચીને તે હસ્તને નીરખવા. ત્યાર પછી શ્રીહરિના વિશાળ હૃદય

સ્થળમાં ચંદન ચર્ચીને તે મદયને નીરખવું ત્યાર પછી પીપળાના પત્ર સમાન ઉદરમાં પણ ચંદન ચર્ચીને તે ઉદરના તથા તે ઉદરમાં રહેલ નાભીરૂપ કૂપને તથા યોગીજનોને તે કૂપમાં પ્રવેશ કરવા જાણે ત્રણ પગથીયાની પંક્તિ હોય ને શું ? તેમ શોભી રહેલ જે ત્રિવળી તે સર્વને નીરખવાં. ત્યાર પછી શ્રીહરિના બે ગોઠણ તથા બે ઘૂંટીઓ એ સર્વને વિષે ચંદન ચર્ચીને તે તે અંગો નીરખવાં ત્યાર પછી શ્રીહરિના બે ચરણોની ઉપર અને તળીએ કુમકુમનું લેપન કરીને ચિહ્ન સહિત તે ચરણને ઘણીવાર નીરખવાં, ત્યાર પછી ગુલાબ, ચમેલી, ચંપા, ડોલર, મોગરો, જાઈ, જુઈ આદિક પુષ્પોના ગૂંથેલા હારાદિક ધારણ કરાવવા અને મસ્તક ઉપર તો મંગળા સમયે જે જરીની ટોપી ધારણ કરી હોય તે જ રહેવા દેવી અથવા તો તે ઉતારીને તેને બદલે શ્વેત અથવા ગુલાબી અને પોતાને ગમે તેવી

પાઘ બંધાવીને તેના પર પુષ્પના તોરા ધારણ કરાવવા; અને મંગળા વખતે જે શ્વેત વસ્ત્ર ધારણ કરાવ્યું હોય તેને ઉતારીને એક જરીયાની પીતાંબર ધરાવવું અને બે બાહુને વિષે પુષ્પના બાજુ બંધ બાંધીને હસ્તના મણિબંધને વિશે પુષ્પનાં કંકણ અને પોંચી આદિક ધારણ કરાવવા. અથવા તો મસ્તક ઉપર પાઘને બદલે સુંદર પુષ્પની ગૂંથેલી ટોપી ધારણ કરાવવી અને ઉતરીય વસ્ત્રને બદલે પુષ્પની ગૂંથેલી પછેડી ધારણ કરાવવી. અથવા જેમ પોતાને પ્રેમ ઉપજે તેમ યથાયોગ્ય વસ્ત્ર અલંકાર ધરાવવાં. ત્યાર પછી એવી શોભાએ યુક્ત બિરાજી રહેલા શ્રીજી મહારાજને નીરખીને લલાટમાં ચંદન તથા કુંકુમનો ચાંદલો કરીને તથા ચાંદલા ઉપર ચોખા ચોડીને ત્યાર પછી ચરણમાં ચંદન, તુલસીપત્ર, ચોખા, પુષ્પો, ગુલાલ, અબીલ, કુંકુમથી પૂજન કરીને આગળ સુંદર અગરનો સુગંધીમાન ધૂપ કરીને સુંદર ઘીનો દીપક પ્રગટાવીને શ્રીહરિને નૈવેદ્યમાં

ગુલાબપાક, ટોપરાપાક, મગજ, મેસૂબ, સાટા, પેંડા, માખણ, મીસરી, મોહનથાળ આદિક પોતાની રૂચિ પ્રમાણે પકવાન તથા ગાંઠિયા, સેવ, કળી; ફાફડા ગાંઠિયા વિગેરે ફરસાણો સાથે જમાડવા અને એલચી, બદામ, પીસ્તા, કેસર, સાકર આદિક નાખીને તૈયાર કરેલ ગરમ દૂધનું પણ પાન કરાવવું ત્યાર પછી ઉત્તરાપોષણ કરાવી. હસ્ત-મુખની શુદ્ધિ કરાવી સુંદર સુગંધીમાન શીતળ જળનું પાન કરાવીને ત્યાર પછી કાથો ચૂનો, સોપારી, વરિયાળી, તજ, એલચી, લવીંગ આદિક તાજાં મસાલા નાખીને બનાવેલ નાગરવેલના પાનબીડાનો મુખવાસ અર્પણ કરવો. ત્યાર પછી ફળ સહિત દક્ષિણા અર્પણ કરીને આરતી ઉતારવી. તે આરતીમાં બહુ વાટો પૂરીને ચંદન, ચોખા, ગુલાલ, અબીલે અલંકૃત કરી, ત્યાર પછી તેને પ્રગટાવીને "જય સદ્‌ગુરુ સ્વામી" એ પદ બોલતાં શૃંગાર આરતી ઉતારવી. પછી ધૂન, સ્તુતિ, પ્રદક્ષિણા, દંડવત્

પ્રણામ મંત્ર પુષ્પાંજલિ કરીને શ્રીહરિને હેતપૂર્વક મળવું તે એકવાર અથવા બેવાર અથવા ત્રણવાર અથવા જેમ હેત ઉપજે તેમ બહુવાર મળવું અને કંકુથી ચર્ચેલા શ્રીહરિના ચરણને પોતાની છાતીએ અને મસ્તકે ધારણ કરવા, અન શ્રીહરિને મળવે કરીને પોતાના અંગમાં શ્રીહરિનાં અંગનું પ્રસાદીનું ચંદન ચોંટ્યું હોય તથા શ્રીહરિનાં ચરણારવિંદને પોતાના હૃદય તથા મસ્તકઉપર ધાર્યા હોય તેણે કરીને જે કુંકુમ ચોંટ્યું હોય તથા પુષ્પના હારનાં ચિહ્ન થઈ રહ્યાં હોય તે સર્વને એમ જાણવું જે શ્રીહરિની પ્રસાદીનું ચંદન, કુંકુમ ને હાર તે સર્વ મારા અંગમાં ચોંટ્યાં છે એમ ભાવના કરવી. આવી ભાવનાથી શ્રીહરિને ભેટતાં શ્રીહરિની મૂર્તિમાં તલ્લીન બની જવું. તેમ કરવાથી પોતાના દેહનું ભાન પણ ભૂલી જવાય માટે આવી રીતે પ્રેમપૂર્ણ બની આ માનસી પૂજા કરતાં

શ્રીહરિના પ્રસાદીના ચંદનાદિક ઉપચારોથી અક્ષરાદિક મુક્તોનું પૂજન કરી તેમને શ્રીહરિની પ્રસાદીનું નૈવેદ્ય જમાડી જળ પાન કરાવી, મુખવાસ આપવો ત્યાર પછી એવી ભાવના કરવી જે મને પણ શ્રીહરિએ પ્રસાદ આપ્યો તે હું જમ્યો. એવી રીતે પ્રસાદ જમ્યાની ભાવના કર્યા પછી શ્રીહરિને બ્રહ્મમહોલ આગળ રહેલ સુંદર પુષ્પ વાટિકામાં પુષ્પમંચ ઉપર વિરાજમાન કરવા અને શ્રીહરિ આગળ સભામાં બેઠેલા અક્ષરાદિક સર્વ મુક્તોને શ્રીહરિની પ્રસાદીના હારો ગજરા આદિક ધારણ કરાવવા ત્યાર પછી સભામાં કથા-વાર્તા થાય છે અને મુક્તો સર્વ ચકોર પક્ષી જેમ ચંદ્રમા સામું જોઈ રહે તેમ શ્રીહરિના મુખારવિંદને એકાગ્ર દૃષ્ટિથી જોઈ રહ્યા છે અને હું શ્રીહરિની સેવામાં હાજર છું, આવી રીતે ભાવના કરવી. આ રીતે સવારની પૂજાની સમાપ્તિ કરવી.

બીજી માનસી પૂજા

(બપોરે કરવાની માનસી પૂજા)

દશ અગિયાર વાગ્યાના સમય સુધીમાં અગર તો બાર વાગતા પહેલાં બપોરની માનસી પૂજા કરવી તે પણ એવી રીતે જે પૂર્વની પેઠે બ્રહ્મસ્વરૂપપણાની ભાવના કરીને શ્રીહરિને નૈવેદ્ય માટે સુંદર લાડુ, જલેબી, મોહનથાળ, મેસુબ, માલપુવા આદિક મિષ્ટાન્નો અને ગાંઠિયા સેવ, ખમણ આદિક ફરસાણો જાતજાતનાં શાક, રોટલા, રોટલી, પુરી, દાળભાત, પાપડ, વડી તથા મૂળા મોગરી, ગરમર, કેરી વિગેરેનાં અથાણાં દ્રાક્ષ કેળાં આદિકનાં રાયતાં, જાતજાતની ચટણી સંભારા વિગેરે ભોજનની સામગ્રી સુવર્ણના પાત્રમાં ગોઠવીને અને જુદીજુદી વાટકીમાં મસાલો નિમક આદિક પણ સાથે મૂકવું. આવો થાળ સરસ રીતે ગોઠવીને સુવર્ણના બાજોઠ

ઉપર મૂકવો. ત્યાર પછી બ્રહ્મમહોલ આગળ પુષ્પના સુંદર મંચ ઉપર અનંત મુક્તમંડળ મધ્યે વિરાજમાન થયેલા શ્રીહરિનાં દર્શન કરીને સભામાં જઈને શ્રીહરિને પ્રાર્થના કરવી; હે કૃપાસિંધો ! હે અક્ષરધામના અધિપતિ ! હે શ્રીહરિ ! હે મહારાજ ! ભોજનની સામગ્રી સર્વે તૈયાર થઈ રહી છે માટે આપ મુક્ત મંડળ સહિત જમવા પધારો. આવી રીતે પ્રાર્થના કરેલા શ્રીહરિ જ્યારે પુષ્પના મંચ પરથી નીચે ઉતરે ત્યારે બંને ચરણોમાં ચાંખડીયો પહેરાવવી. પછી શ્રીહરિ પુષ્પ બાગમાંથી બ્રહ્મમહોલમાં પધારે ત્યારે ત્યાં હારાદિ શૃંગાર ઉતારી શ્રીહરિને સ્નાન કરાવીને પૂર્વની માફક વસ્ત્ર વતી અંગ માર્જન કરી શ્વેત અથવા લાલ પીળું પોતાને ગમે તેવું એક પીતાંબર પહેરાવીને ઉપરણી સરસ ઓઢાડીને સુવર્ણના બાજોઠ ઉપર વિરાજમાન કરવા ત્યાર પછી શ્રીહરિને વિશાળ ભાલમાં કુંકુમના ચાંદલા સહિત ઉર્ધ્વપુંડ્ર તિલક કરાવી

ચંદનની અર્ચા કરી, ચરણમાં ચંદન, ચોખા, તુલસીપત્ર, અબીલ, ગુલાલ, કુંકુમ ઉપચારોથી પૂજન કરી ધૂપ-દીપ કરીને ત્યાર પછી ચરણ ઉપરથી તુલસીપત્ર ઉતારીને નૈવેદ્ય માટે તૈયાર કરી રાખેલ ભોજનોનાં નામો લઈને શ્રીહરિને જમાડવા. શ્રીહરિ જમે ત્યાં સુધી વિંઝણાથી પવન નાખવો. પછી દહી સાથે ભાત જમાડવા. શ્રીજી મહારાજ જમે છે ત્યારે ડાબા પગની પલાંઠી વાળીને જમણો પગ ઉભો રાખીને તે પર જમણો હાથ રાખીને જમે છે અને વળી જમતાં જમતાં વારંવાર જળ પીવાનો સ્વભાવ છે. માટે હું જળનો કટોરો ભરી આપું છું, શ્રીહરિ જળપાન કરે છે, અને શ્રીહરિ જમતાં જમતાં પેટ ઉપર હાથ ફેરવતા જાય છે ને હું શ્રીહરિને ભોજનોના જુદા જુદા સ્વાદો પૂછું છું. શ્રીહરિ ભોજનોનાં જુદાં જુદાં નામો કહેતા ને વખાણ કરતા જાય છે અને પ્રેમથી ભોજનો જમે છે. આવી ભાવના કરવી, શ્રીજી મહારાજ જમી લે પછી ઉત્તરાપોષણ

કરાવી. હસ્ત મુખની શુદ્ધિ કરાવી જળનું પાન કરાવવું. પછી પૂર્વની પેઠે બનાવેલ પાનનું બીડું મુખવાસ માટે આપવું ત્યાર પછી ફળ દક્ષિણા અર્પણ કરીને ચંદન કુંકુમાક્ષતથી અલંકૃત કરેલ આરતીને પ્રગટાવી 'આરતી રાજભોગકી કીજે' એ પદ બોલતાં આરતી ઉતારવી. ત્યાર પછી ધૂન સ્તુતિ વિગેરે કર્યા પછી શ્રીહરિને ઉપર કહ્યા પ્રમાણે મળવું. ત્યાર પછી પ્રસાદીના ઉપચારોથી અક્ષરાદિ મુક્તોનું પૂજન કરી પ્રસાદીના ભોજનો જમાડી જળપાન કરાવી મુખવાસ આપવો. ત્યાર પછી શ્રીહરિએ મને પણ પ્રસાદ આપ્યો તે હું જમ્યો, એમ ભાવના કરી શ્રીહરિને બ્રહ્મમહોલમાં સિંહાસન ઉપર વિરાજમાન કરવા અને શ્રીહરિ આગળ કથા વાર્તા થાય છે. અથવા પોતે મુક્તોની સાથે વાતો કરે છે, ને હું શ્રીહરિની સેવામાં છું એવી ભાવના કરવી. ત્યાર પછી બાર વાગ્યાનો સમય થયો છે એમ જાણીને શ્રીહરિને જળપાન કરાવીને ભીનાં વસ્ત્ર

વડે ચંદનાદિક ઉપચારો ઉતારી લઈને સુંદર ગાદલું, ઓછાડ, ઓશીકું, ગાલમસુરિયાં સહિત જે છપર પલંગ તે પર શ્રીહરિને પોઢાડીને ઉપર મચ્છરદાની બાંધી શ્રીહરિ આગળ થોડે છેટે તરેહ તરેહનાં અત્તર ફુલઝાડનાં ફુંડાં તથા જળના ફુવારા છુટા મુકવા ત્યાર પછી અક્ષરાદિક મુક્તો શ્રીહરિનું સ્મરણ કરતા ધ્યાન નિમગ્ન થયા છે, અને હું શ્રીહરિના ચરણ દબાવવા અથવા સુગંધીમાન વાળાના વીંઝણાથી પવન નાખવો એ આદિક સેવા કરતાં શ્રીહરિના મુખારવિંદની શોભાને નીરખું છું. આવી ભાવના કરી બપોરની માનસી પૂજાની સમાપ્તિ કરવી.

ત્રીજી માનસી પૂજા

(ચાર વાગતા ઉત્થાપનની માનસી પૂજા)

દિવસ એક પહોર બાકી રહે તે સમયે એટલે ચાર વાગવાના સમયે પૂર્વની પેઠે બ્રહ્મસ્વરૂપની ભાવના

કરી, બ્રહ્મમહોલમાં પલંગ ઉપર પોઢેલ શ્રીહરિનાં દર્શન કરી ત્યાર પછી આગળ કહ્યા પ્રમાણે હે મહારાજ ! જાગવાનો સમય થયો છે, એમ પ્રાર્થના કરી જાગૃત કરવા. ત્યાર પછી મહોલની આગળ પુષ્પના બાગમાં રહેલ દિવ્ય સરોવરને કિનારે શ્રીહરિને સુવર્ણના બાજોઠ ઉપર વિરાજમાન કરી હસ્ત, ચરણ, મુખ આદિકની શુદ્ધિ કરાવીને શ્રીહરિનાં અંગમાં ફુલેલ તેલ, અત્તર ચોળીને સુગંધીમાન પદાર્થોનાં ચૂર્ણોથી ચોળીને સ્નાન કરાવવું, ત્યાર પછી અકે વસ્ત્રથી અંગ લૂછીને સરસ મજાનું સૂક્ષ્મ મનને ગમે તેવા કલરનું પીતાંબર ધારણ કરાવવું. પછી સુવર્ણના બાજોઠ ઉપર વિરાજમાન કરી લલાટ, હૃદય, ઉદર, બાહુ, હસ્ત, ગોઠણ, પીંડી, ચરણ આદિ અંગોમાં ચંદન ચર્ચવું. ત્યાર પછી લલાટમાં ઊર્ધ્વપુંડ્ર તિલક સહિત કુંકુમનો ચાંદલો કરવો. ત્યાર પછી એક સૂક્ષ્મ વસ્ત્ર પીતાંબર જેવા કલરનું ઓઢાડવું અને મસ્તકે મનને ગમે

તેવા કલરની પાઘ ધારણ કરાવવી. પાઘમાં પુષ્પના તોરા ધારણ કરાવવા અથવા મુગટ ધારણ કરાવવો. આગળ કહ્યા પ્રમાણે કંઠમાં પુષ્પના હારો વિગેરે શણગારો ધરાવીને આગળ કહ્યા મુજબ બહુવાર શ્રીહરિને મળીને ચંદન પોતાની છાતી તથા મસ્તકે ધારણ કરવાં. ત્યાર પછી પૂર્વની પેઠે જ ભાવના કરવી જે કુંકુમ આદિક પોતાના અંગમાં વળગી રહ્યાં છે, આમ ભાવના કર્યા પછી શ્રીહરિને ચરણમાં ચોખા, ગુલાલ આદિક ઉપચારોથી પૂજન કરી આગળ ધૂપ, દીપ કરીને ત્યાર પછી દ્રાક્ષ, કાજુ, અંજીર, અખરોટ, બદામ, પીસ્તાં, ખારેક સૂકો મેવો તથા મોસંબી, નારંગી, અનાનસ, શેરડી, સફરજન આદિક જાત જાતના લીલા મેવાનું નૈવેદ્ય અર્પણ કરવું. શ્રીહરિ જમે ત્યાં સુધી વીંઝણો લઈને પવન ઢોળવો. શ્રીહરિ જમી લે એટલે સાકર ને વરિયાળી યુક્ત શીતળ સુગંધીમાન જળનું પાન કરાવવું. ત્યાર પછી પૂર્વની પેઠે

પાનબીડાનો મુખવાસ આપવો ને પ્રસાદીના હારો તથા ચંદનાદિક ઉપચારોથી અક્ષરાદિક મુક્તોનું પૂજન કરી પ્રસાદીના મેવા જમાડી જળપાન કરાવી મુખવાસ આપવો, ત્યાર પછી શ્રીહરિએ મને પ્રસાદ આપ્યો તે હું જમ્યો, આવી ભાવના કરવી. ત્યાર પછી શ્રીહરિને સુંદર પુષ્પ બાગમાં સુંદર પુષ્પના મંચ ઉપર અથવા તો જુદાં જુદાં પુષ્પોમાંથી ગૂંથીને તૈયાર કરી રાખેલ હીંડોળા ઉપર શ્રીહરિને વિરાજમાન કરવા. તે સમયે શ્રીહરિના અંગમાં સુગંધીમાન અત્તર છાંટવું. આગળ અત્તર તથા જળના ફૂવારા ઉછળી રહ્યા છે અને શ્રીહરિ આગળ અક્ષરાદિ અનંત મુક્તોની સભા ભરાઈને બેઠી છે અને હું શ્રીહરિને સુંદર પુષ્પની દોરી વતી ઝુલાવું છું અથવા તો શ્રીહરિ પુષ્પ મંચ ઉપર વિરાજમાન થયા થકા મુક્તોને વચનામૃતનું પાન કરાવી રહ્યા છે, અથવા તો મુક્તમુનિ, બ્રહ્મમુનિ, પ્રેમસખી, દેવાનંદ સ્વામી આદિ ગવૈયા સંતો

વાજિંત્રો વગાડીને સંકીર્તન કરે છે અથવા નિત્યાનંદ સ્વામી કે પ્રાગજી પુરાણી આગળ કથા વંચાવે છે, અને હું વીંઝણાથી શ્રીહરિને પવન નાખતો થકો શ્રીહરિની સેવામાં રહેલો છું. એવી ભાવના કરી તે સમયની પૂજાની સમાપ્તિ કરવી.

ચોથી માનસી પૂજા

(સંધ્યા સમયની માનસી પૂજા)

સાંજે સંધ્યા આરતી સમયે જમ્યા પહેલાં માનસી પૂજા કરવી તેમાં પણ પૂર્વની પેઠે બ્રહ્મ સ્વરૂપની ભાવના કરીને ત્યાર પછી પુષ્પબાગમાં વિરાજી રહેલા શ્રીહરિને બ્રહ્મમહોલમાં પધારવાની પ્રાર્થના કરવી, તે સમયને વિષે અનંત મુક્તો સહિત બ્રહ્મમહોલમાં પધારેલા શ્રીહરિને રત્નસિંહાસને વિરાજમાન કરવા. આગળ અનંત મુક્તોની

સભા ભરાઈને બેઠી છે અને શ્રીહરિ આગળ કથા વાર્તા, ગાવણું, ગોડી આદિક થાય છે, એવી ભાવના કરી શ્રીહરિનાં દર્શન કરી શ્રીહરિ માટે ભોજનની સામગ્રી તૈયાર કરાવી તે ભોજનની સામગ્રીમાં શીરો, કંસાર, પુડલા, સેવ, ભજીયાં, ખીચડી, કઢી, પાપડ, વડાં, બાજરાનો રોટલો તથા માખણ, ચટણી જુદી જુદી જાતનાં અથાણાં, વિવિધ શાક, દૂધ, છાશ આદિક નાનાં પ્રકારનાં ભોજનો કરવાં. ત્યાર પછી શ્રીહરિને પ્રાર્થના કરવી; જે હે મહારાજ ! ભોજન તૈયાર છે, માટે આપ કૃપા કરીને જમવા પધારો. આવી રીતે પ્રાર્થના કર્યા બાદ સિંહાસનથી નીચે ઉતરેલા શ્રીહરિને પુષ્પાદિક શૃંગાર ઉતારીને ત્યાર પછી પૂર્વે અંગમાં ચર્ચેલા ચંદન કુંકુમાદિકને ભીના વસ્ત્રથી ઉતારી લઈને પીતાંબર સારી રીતે ધારણ કરાવી એક ઉપરણી ઓઢાડવી. ત્યાર પછી વિશાળ ભાલમાં કુંકુમના

ચાંદલા સહિત કેસરનું તિલક, ચરણમાં ચંદન, તુલસીપત્ર આદિક ઉપચારોથી પૂજન કરીને આગળ અગરનો ધૂપ તથા દીપ કરવાં ત્યાર પછી શ્રીહરિને માટે તૈયાર કરી રાખેલા ભોજનનો થાળ શ્રીહરિ આગળ સુવર્ણના બાજોઠ ઉપર મુકવો, ત્યાર પછી શ્રીહરિને જળથી હસ્ત ધોવરાવીને ચરણ પરથી તુલસીપત્ર ઉતારી લઈને મહારાજને જમવા માટે પ્રાર્થના કરવી. જે હે કૃપાસિંધુ ! હે ભક્તવત્સલ ! હે અક્ષરધામાધિપતે ! હે હરે ! આ તમારા માટે સુંદર ભોજનો તૈયાર કરી રાખ્યાં છે, માટે તે ભોજનો આપની રૂચિ સહિત ધીમે ધીમે આરોગો, જમવામાં ઉતાવળ કરશો નહીં. આમ પ્રાર્થના કર્યા પછી અલ્પ ગ્રાસ લઈ જમતા અને મધ્યમાં જળપાન કરતા શ્રીહરિને વીંઝણાથી પવન નાખવો અને મહારાજને આગ્રહ કરીને વસ્તુ પીરસીને સરખી રીતે જમાડવા અને જમી લે એટલે

ઉત્તરા પોષણ કરાવી હસ્ત મુખની શુદ્ધિ કરાવવી. સુંદર શીતળ જળનું પાન કરાવવું ત્યાર પછી પૂર્વની પેઠે મુખવાસ અર્પણ કરવો. ત્યાર પછી ફળ સહિત દક્ષિણા અર્પણ કરીને બહુ વાટો પૂરીને ચંદન કુંકુમાદિકથી અલંકૃત કરેલ આરતીને પ્રગટાવી 'આરતી પ્રગટ પ્રભુકી કીજે' એ પદ બોલતાં બોલતાં આરતી ઉતારવી. ત્યાર પછી ધૂન, સ્તુતિ, દંડવત્ પ્રણામ કરીને આગળ કહ્યા પ્રમાણે શ્રીહરિને મળવું. ત્યાર પછી શ્રીહરિને સિંહાસન ઉપર વિરાજમાન કરીને પ્રસાદીના ઉપચારોથી અક્ષરાદિક મુક્તોનું પૂજન કરી પ્રસાદીના ભોજનો જમાડી જળપાન કરાવીને મુખવાસ અર્પણ કરવો. ત્યાર પછી મને પણ શ્રીહરિએ પ્રસાદ આપ્યો તે હું જમ્યો. એવી ભાવના કરીને ત્યાર પછી શ્રીહરિ આગળ કથા, વાર્તા, ગાવણું આદિક થાય છે અને શ્રીહરિ પોતે પણ મુક્તો આગળ મહિમાની

વાર્તા કરે છે; ને શ્રીહરિને વીંઝણાથી પવન નાખવો એ આદિક સેવા કરતાં શ્રીહરિના મુખારવિંદની શોભાને નીરખું છું. એવી ભાવના કરી તે સમયની માનસી પૂજાની સમાપ્તિ કરવી.

પાંચમી માનસી પૂજા

(શયન કરાવવાની માનસી પૂજા)

શયન આરતી એટલે રાત્રે નવથી દશ વાગતાની અંદર આ માનસી પૂજા કરવી. તેમાં પણ પૂર્વની પેઠે પોતાને બ્રહ્મસ્વરૂપની ભાવના કરી સિંહાસન પર વિરાજી રહેલા શ્રીહરિનાં દર્શન કરી શ્રીહરિ માટે કઢેલું કેસરિયું દૂધ તૈયાર કરી શ્રીહરિને પૂર્વની પેઠે પ્રાર્થના કરવી જે હે મહારાજ ! દૂધનું પાન કરો. એમ પ્રાર્થના કરીને શ્રીહરિને વિશાળ ભાલમાં કુંકુમનો ચાંદલો કરીને, ચરણમાં ચંદન,

ચોખા, પુષ્પ, તુલસીપત્ર આદિક ઉપચારોથી પૂજન કરીને ધૂપ દીપ કરીને ચરણ પરથી તુલસીપત્ર ઉતારી લઈને ત્યાર પછી શ્રીહરિ આગળ દૂધનો કટોરો ને જળની ઝારી એ આદિક સામગ્રી મૂકીને શ્રીહરિને પ્રાર્થના કરીને દૂધનું પાન કરાવવું. શ્રીહરિ દૂધનું પાન કરે ત્યાં સધી વીંઝણાથી પવન નાખવો. દૂધનું પાન કરી લે અટલે શ્રીહરિને ઉત્તરાપોષણ કરાવી હસ્ત મુખની શુદ્ધિ કરાવીને જળપાન કરાવી પૂર્વની પેઠે મુખવાસ આપવો. ફળ સહિત દક્ષિણા અર્પણ કરવી, પછી આરતી પ્રગટાવી 'શીતળ આરતી કીજે' એ પદ બોલતાં આરતી ઉતારવી. ત્યાર પછી આગળ કહ્યા મુજબ ધૂન આદિક કરીને શ્રીહરિને મળવું, પછી પ્રસાદીના ઉપચારોથી અક્ષરાદિક મુક્તોનું પૂજન કરી પ્રસાદીના દૂધનું પાન કરાવી મુખવાસ આપવો. ત્યાર પછી મને પણ શ્રીહરિએ દૂધની પ્રસાદી આપી તેનું મેં

પાન કર્યું એવી ભાવના કરી સર્વ મુક્તોને સભામાં વિરાજમાન કરવા. ત્યાર પછી શ્રીહરિ આગળ કથાવાર્તા, કીર્તન, ચેષ્ટા આદિક થાય છે અને શ્રીહરિને વીંઝણાથી પવન નાખવો એ આદિક સેવા કરતાં શ્રીહરિના મુખારવિંદની શોભાને હું નીરખું છું. ત્યાર પછી સભામાં ચેષ્ટા થઈ રહ્યા બાદ શ્રીહરિને પોઢવા માટે સુંદર પલંગ ઉપર રેશમનું ગાદલું રેશમી ઓછાડ સહિત પાથરી તેમાં યોગ્ય સ્થળે ઓશીકું, ગાલમસુરિયાં, સેજબંધ આદિ મૂકીને ઉપર મચ્છરદાની બાંધીને શય્યા તૈયાર કરવી; અથવા તો અનેક પ્રકારના જુદા જુદા ગુલાબ, ડોલર આદિક સુગંધીમાન પુષ્પોની શય્યા રચીને ઉપર મચ્છરદાની બાંધવી. ત્યાર પછી શ્રીહરિને પોઢવાની પ્રાર્થના કરવી; જે હે મહારાજ ! પોઢવાનો સમય થયો છે. આપના નેત્રો યોગનિદ્રાને નિવાસ આપવાને તત્પર

થઈ રહ્યાં છે માટે શયન કરવા સારૂ આપના માટે તૈયાર કરી રાખેલ જે આ શય્યા તે ઉપર શયન કરવા પધારો, ત્યાર પછી સિંહાસનથી નીચે પધારેલા શ્રીહરિને જળપાન કરાવીને ભીનાં વસ્ત્રથી નિર્માલ્યને ઉતારી લઈને શ્રીહરિને સરસ મજાનું શ્વેત અને સૂક્ષ્મ અંબર ધારણ કરાવીને પછી શય્યા ઉપર પોઢાડવા. પછી શ્વેત સૂક્ષ્મ વસ્ત્ર શ્રીહરિને ઓઢાડવાં, પછી મચ્છરદાની ઢાંકી દેવી અને રાત્રે જળપાન કરવા માટે પલંગ નીચે જળની ઝારી ભરીને બાજુમાં એક ગ્લાસ રાખવો. ત્યાર પછી અક્ષરાદિક મુક્તોને પણ જળપાન કરાવવું. પછી તે અક્ષરાદિ મુક્તો શ્રીહરિના ધ્યાનમાં નિમગ્ન થયેલા છે અને હું શ્રીહરિનાં ચરણ દબાવવા, વીંઝણાથી પવન નાખવો એ આદિક સેવા કરતાં શ્રીહરિના મુખારવિંદની શોભાને નીરખું છું. આવી ભાવના કરીને તે સમયની માનસી પૂજાની સમાપ્તિ કરવી.

નોંધ :— હવે ખાસ જાણવાનું કે ઉનાળો, ચોમાસું, શિયાળો એ ત્રણે ઋતુમાં જુદી રીતે માનસી પૂજા કરવાનું કહેલ છે. આ માનસી પૂજા આપણે ઉનાળાની બતાવી છે. તો એજ રીતે સર્વેએ ઋતુ પ્રમાણે વસ્ત્રાભૂષણો શ્રીહરિને ધરાવવાં. શિયાળામાં ગરમ ઉનનાં, મખમલનાં વસ્ત્ર ધરાવવાં. ગાદલું વિગેરે શય્યા પણ મખમલથી જ બિછાવી દેવી ને ચોમાસામાં ઠંડી ગરમી જે પ્રમાણે હોય તેવી રીતે શ્રીહરિની માનસી પૂજામાં સેવા કરવી. ચોમાસામાં કોઈ સમે શ્રીહરિ બહાર પધાર્યા હોય પછી વરસાદ વરસવાથી પલળીને મહારાજ પધાર્યા છે તો ભીનાં વસ્ત્ર ઉતરાવી કોરાં વસ્ત્રો ધારણ કરાવવાં. આવી પણ ભાવના કરવી. આવી રીતે ઋતુને અનુસાર ગદ્‌ગદ્ કંઠ થઈ રોમાંચિત ગાત્રે પ્રેમપૂર્ણ થઈ શ્રીહરિની માનસી

પૂજા હંમેશા નિયમસર કરવાથી ભગવાનની ખૂબ પ્રસન્નતા થાય છે અને પ્રત્યક્ષ પૂજા કર્યાનું ફળ માનસી પૂજાથી મળે છે. માટે શ્રીહરિની આજ્ઞા જે વચનામૃત ગઢડા અં. પ્ર. ૨૩ ત્રેવીશમું તેમાં કહેલ છે તો દરેક ભક્તજનોએ આમાં કહ્યા પ્રમાણે માનસી પૂજા કરવાનો નિયમ રાખવો ને આ રીતે કરવાથી શ્રીહરિ ખૂબ પ્રસન્ન થશે અને કૃપા કરશે. જેથી આ સંસારચક્રથી છોડાવીને પોતાના અક્ષરધામમાં લઈ જશે ને પોતાના દિવ્ય સુખે ભક્તોને સુખી કરશે અને હંમેશા શ્રીહરિ એમની સેવામાં ભક્તોને રાખશે. આવું મહાન ફળ આ માનસી પૂજાનું છે તો શ્રીહરિના લાડીલા ભક્તજનો આ રીતે માનસી પૂજા કરવાના આગ્રહી બનજો.